

દીક્ષા

ભાવનગર

પાલીતાણા



ॐ

છૂટાં વેરાયેલાં મોતી

૧ દુનિયાનાં ધમાધમાટ વચ્ચે રહેવું છતાં પોતાનું
જાળવી રાખવું, ગૌરવ હલકું પડવા ન દેવું અને
આંખમાંથી કોઈને ફળું કાઢવા ન દેવું એ
કુશળતા છે અને તે ચીવટ રાખવાથી કે
આવડી જાય છે.

૨ અવલોકનની શક્તિ જગાડવાથી ખીલે છે
કરતાં આવડી જાય તો ભૂલ થવાના પ્ર
તો ન થાય, પણ ઓછા તો જરૂર

૩ ગુસ્સે થવાની અશક્તિ અને ગુસ્સાં
વચ્ચે ઘણો તફાવત છે. એકમાં
લાચારી છે અને બીજામાં પોતા

૪ દરેક માણસ પોતાના ભવિષ્ય
અથવા પરિસ્થિતિનો ગુલામ

૫ આત્મા અનંતશક્તિનો ભ
જો તે પોતાનું પુરુષાર
તોડી નાંખી પોતાને યોગ્ય પાર.

૧૦ નો

૧૧ ,જીદ

અ પરંતુ
શરે છે

૧૨ શુદ્ધ
અને નિવૃત્ત

૧૩ દરેક
તેમને. જ સ્થિર
પામે

૨૫ કામ, માન ને ઉતાવળ એ ત્રણ ઉપર કાબુ રાખો.

૨૬ આત્માના પરિણામની શાંતિને માટે વચન તથા કાયાને કાબુમાં રાખવા-તલ્લીન થવા ન દેવા.

૨૭ જો તારા હાથે કોઈ સારૂં કાર્ય થતું હોય તો તારા સર્વ સુખનો ભોગ આપીને તે કર.

૨૮ ભોગના વખતમાં યોગ સંભારે અને આદરે તે લઘુકર્મી જીવ જાણવો.

૨૯ ગમે તે પ્રકારે ઉદયમાં આવેલા અને આવનાર કષાયો (ક્રોધ, માન, માયા ને લોભ) ને શમાવો.

૩૦ જેટલી ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ. આ અપેક્ષીત વચન જાણવું.

૩૧ આ કળી કાળે મનુષ્યોને સ્વાર્થપરાયણ અને રાગ તથા દ્વેષ અને મોહને વશ કરી દીધા છે.

૩૨ દૃષ્ટિ એવી સ્વચ્છ કરો કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ દેખાઇ આવે અને તે દુર કરવા પ્રબળ પ્રયત્ન કરો.

૩૩ સંસાર રૂપી કુટુંબને ઘરે આપણો આત્મા પરોણા (મેમાન,) દાખલ જાણવો.

૩૪ જડભરત અને જનક વીદેહીની દશા પ્રાપ્ત કરો.

૩૫ ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ, પરિણામે બંધ અને ભુલ એ મિથ્યાત્વ-આ સર્વ તત્વોનો સાર સમજવો.

૩૬ સમ્યકનેત્ર પામીને પછી તમે ગમે તે શાસ્ત્ર વાંચો, વિચારો તોપણ તેમાંથી તમારૂં આત્મહિત થશે.

૩૭ જગતમાં રાગ તથા માન ન હોત તો અહિંઆ જ મોક્ષ હોત.

૩૮ તેનું જ નામ વિદ્યા કે જેનાથી અજ્ઞાનનો નાશ થાય.

૩૯ જેટલું કરી શકો તેટલું જ કહો. અશક્યતા છુપાવો નહીં.

૪૦ અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પનિદ્રા, નીયમીત વાચા (વાણી), નીયમીત કાયા અને અનુકુળ સ્થાન એ મનને વશ કરવાના કારણો છે (ઉત્તમ સાધનો છે).

૪૧ એકવાર જો સમાધી મરણ થશું તો સર્વ કાળનાં અસમાધી મરણ ટળશે.

૪૨ દરેક શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. કારણ ર્મ તો સદ્ગુરુ–સંતપુરુષોનાં હૃદયમાં જ રહ્યો છે. અંતરાત્મામાં જ).

બીજુ કાંઇ પણ શોધ નહીં. માત્ર એક સત્પુરુષને શોધ અને તેના ચરણ કમળમાં તારૂં સર્વસ્વ અર્પણ કરી દે.

કારણ સત્પુરુષોનું ચારિત્ર જ દર્પણ રૂપ છે.

મહાત્મા પુરુષોનો દેહ બે કારણને લીધે જ વિદ્યમાનપણે વર્તે છે. એક પ્રારબ્ધ કર્મ ભોગવાને માટે અને બીજુ જીવોનું કલ્યાણ કરવાને માટે.

૫ સંતપુરુષો સુવે છે ત્યારે જગત જાગે છે અને જગત જ્યારે સુવે છે ત્યારે જ્ઞાની યોગીઓ જાગે છે.

[illegible]

૫૦ [illegible]

૫૧ [illegible]

૫૨ આ કળીયુગના સમયમાં [illegible] મનુષ્ય ન હોવાથી [illegible] મુશ્કેલ છે.

૫૩ શાસ્ત્રાદિકના જ્ઞાનથી નિવેડો નથી, પરન્તુ આત્મ અનુભવ, અધ્યાત્મ જ્ઞાનથી જ આત્માનો નિવેડો છે.

૫૪ સર્વ પ્રકારના ધ્યાન, જપ, તપ વિગેરે ક્રિયા આત્માને રાગ-દ્વેષ ને મોહથી છોડાવવા માટે છે તેથી બંધ ન થાય તેમ સમજણપૂર્વક વર્તવું.

૫૫ આ કાળને પંચમ કાળ શ્રી મહાવીર દેવે કહ્યો છે.

અને કળીયુગ ખાસ બગાડાને કર્યો છે. તેવા કાળમાં જીવ ઉપાધીમુક્ત થવા મુશ્કેલ છે.

૫૬ જીવને બે મોટા પ્રતિબંધ છે.

૧. સ્વચ્છંદ. ૨. પ્રતિબંધ.

૫૭ જેણે મન વશ કર્યું. તેણે જગતને વશ કર્યું.

૫૮ સ્ત્રીનાં સૌંદર્ય ઉપર જ્યારે મોહ થાય ત્યારે તેની ત્વચા (ચામડીની)ની અંદરના ભાગોમાં શું શું પદાર્થો છે તેનો ખ્યાલ કરવો.

૫૯ રડાવીને પણ બાળકના હાથમાં ગયેલો સોમલ લઈ લેવો.

૬૦ ગણધરોએ અર્થની યોજના કરી ટુંકામાં શ્રી વીતરાગ દેવે બોધેલા મુખ વચનો લીધા. તે આગમ, સૂત્ર, સિદ્ધાંત, શાસ્ત્રના નામથી ઓળખાય છે. (દ્વાદશાંગી)

૬૧ કળીકાળનાં દોષથી અપાર શ્રુતસાગરનો ઘણો ભાગ વિસર્જન થઈ ગયો છે અને બિંદુમાત્ર–અલ્પમાત્ર વર્તમાનકાળમાં વિદ્યમાન છે. પૂર્વાચાર્યોએ તદ્અનુસાર ઘણાં શાસ્ત્રો રચેલાં હાલ વિદ્યમાન છે.

૬૨ મહાત્મા પુરુષોની સ્વલ્પ પણ પ્રવૃત્તિ સ્વ તથા પરને મોક્ષમાર્ગ સન્મુખ કરવાવાળી છે.

૬૩ હે નાથ ! સાતમી તમતમા પ્રભા નામની નારકીની વેદના મળી હોત તો કદાચ સંમત કરત. પરંતુ આ જગતની મોહની સંમત થતી નથી.

૬૪ "દેવગુણ પામર નવી જાણે, નરકગુણ ન કુમારી રે,
અનુભવ વીણ તેમ ધ્યાન તણું સુખ, કોણ જાણે નરનારી રે".

૬૫ આત્મા ગુણી છે. તેના જ્ઞાન, દર્શનાદિક ગુણો જુદા જુદા છે. એમ ગુણી અને ગુણોની નિરક્ષા કરવી.

૬૬ આ શરીરનું આયુષ્ય ઉપાધી યોગે વ્યતીત થતું જાય છે. એ માટે અત્યંત શોક કરવો. અને તેનો જો અલ્પ કાળમાં ઉપાય નહી કરીએ તો આપણા જેવા અવિચારી કોણ ?

૬૭ તીવ્ર વૈરાગ્યવાનને પણ ઉદયકાળનાં પ્રસંગો ઘણીવા શિથિલ કરવામાં ફળીભૂત થાય છે.

૬૮ ચીત્તમાં, (મનમાં,) વૈરાગ્ય, ઉપશમાદિક વિશેષ પ્રદિ રહેવા માટે સત્શાસ્ત્ર એક વિશેષ આધારભૂત નિમિત્ત ધાર

૬૯ પરમ ઉત્કૃષ્ટ ધર્મરૂપી જે ચંદ્રમા તેના પ્રત્યે રાહુ સરં જે પરિગ્રહ તેનાથી વીરામ પામવાની આવશ્યક્તા

૭૦ ગામ કે શહેરમાં કોઇ કારણે એક જ ધર્મના અ આચીઓમાં જ્યારે કુસંપ અથવા કંકાશ (કલેશ દાખલ થાય છે ત્યારે તે કલેશનું કારણ કેટલીક વ મંદિર કે પૌષધશાળા જેવા પવિત્ર સ્થાન પણ થઇ છે. અર્થાત આ કયું સ્થાન છે તેનું પણ ભાન રહેતું ન

૭૧ જુના જમાનાની આંગળીએ નવો જમાનો આવે પણ વ્યવહાર કે સંસ્કારની દૃષ્ટિએ જોઇએ તો જુ નવા જમાનાની વચ્ચે જાણે કે ન પુરાય તેવો ભેદનો અખાત (સમુદ્ર) આવી પડે છે.

૭૨ સમશાનવૈરાગ્યને લોકો સમશાનમાં જ રાખીને ખાલી હાથે અને ખાલી હૈયે પાછા આવે છે.

૭૩ સંગીતામૃત સાંભળવામાં તથા બજાવવામાં જેવી એક તાનતા થાય છે તેવી જ જો તત્વજ્ઞાનમાં લીનતા થાય તો હથેલીમાં જ મોક્ષ જાણવો.

૭૪ અપરાધી પર પણ ક્ષમા રાખવી તે તપસ્વીઓનો મુખ્ય માર્ગ છે. કારણ ક્ષમા તે વૃતનું જીવીત છે. તેનો લોપ થતાં વ્રત લોપાય જ. વળી ક્ષમા વિના જ્ઞાન, ધ્યાન કે તપ પ્રમાણ થતાં નથી.

૭૫ સંપત્તિ સાથે પ્રભુતા, સુખ, લીલા સાથે આરોગ્યતા. અને પુત્ર, સંપત્તિ સાથે ગૃહસ્થતા એ આ લોક સંબંધી તપનું જ ફળ તેમ જ મન અને ઇંદ્રિયોને તાબે કરી ધાતુસંશોધન કરતાં આત્મજ્ઞાન–તત્વજ્ઞાન પામી મોક્ષે જવું એ પરલોક સંબંધી તપનું ફળ છે.

૭૬ ચમત્કારીક અધ્યાત્મિક યોગી પુરુષને જનસમુહ સત્ય સ્વરૂપમાં પૂર્ણપણે તેમની હયાતીમાં પ્રાયે કદીયે પીછાની શકયો નથી. અર્થાત્ તેવા યોગીનો અભાવ થયા પછી જ જાણી શકે છે.

૭૭ જે પુરુષ પોતાના કરતાં નીઃસંશય શ્રેષ્ટ છે તેનો સત્કાર કરવાથી પોતે જ શ્રેષ્ટ બને છે.

૭૮ પૂજ્ય–વડીલ વર્ગે કરેલું અપમાન સારૂ. પરંતુ નીચ જનોએ કરેલો સત્કાર સારો નહી. કારણ આરોગ્યતાથી

અથવા બીજાની ભુલનું પરિણામ છે. જો આપણી પોતાનીજ ભુલ હોય તો તેનું જોખમ આપણા પોતાને જ શીર છે. અને જો બીજાની ભુલ જણાય તો જાણવું કે આ ભવમાં તમારે માટે જે વસ્તુ સ્થિતિ નીર્માણ થઇ છે તેને માટે તમે લાયક નથી. અને તે સ્થિતિ-માંથી તમોને હાંકી કાઢવાનું પ્રથમથી જ નક્કી થઇ ગયેલ છે.

૮૭ જો અકસ્માતથી તમે બચી જવા પામો તો ભાગ્યની જ સાનુકુળતા સમજવી.

૮૮ પૃથ્વીનાં પેટમાં અને સાગરનાં તળીઆમાં હીરા, માણેક, રત્નોનો અમૂલ્ય ખજાનો પડેલો છે. તેનાં અંધકારમય ખુણાઓમાં પુન્યનાં પ્રકાશનાં એક અમુક કીરણની સહાયતા મળવાથી જ ભાગ્યવાન મનુષ્યો તે દેખી શકે છે. (પ્રાપ્ત કરી શકે છે)

૮૯ આ પરિશીલનવાળી દુનીઆના પ્રવાહમાં મૃત્યુનો પ્રવાહ અખંડ વહેતોજ રહેવાનો છે. માટે કોઇની પણ રાહ, વાટ ન જોતાં, પોતાનો વખત આવે (ભાગ્યનો ઉદય થાય) ત્યારે પોતાના જ હાથે દ્રવ્યનો સદ્ ઉપયોગ કરી લેવો. એક ઘડીનો પણ વિલંબ કરવો નહીં.

૯૦ કંઠે પ્રાણ આવેલાને (અવસરે આપેલું) ફક્ત એક જ ચમચો પાણી અમૂલ્ય જીંદગી બચાવે છે. અર્થાત્ જીવન ટકાવી રાખે છે.

૯૧ કુદરતના નિયમોરૂપી મહાસાગરમાં વ્યક્તિઓનાં અમર નામ માત્ર પરપોટા સમાન છે.

૯૨ કરૂણ વિલાપની ઉત્પત્તિ દુઃખસાગર સિવાય સંભવતી નથી. અને તે સહૃદય મનુષ્યોનાં અંતઃકરણ દ્રવીભૂત કરે છે.

૯૩ સંગીત એક વશીકરણ મંત્ર છે. દુઃખને ભુલાવે છે અને વિનોદપૂર્વક મનમાં આલ્હાદ ઉત્પન્ન કરે છે.

૯૪ સ્ત્રીઓનો, બુદ્ધિવિલાસનો અને દંભી પુરૂષના દંભનો બ્રહ્મા પણ પત્તો મેળવી શકતો નથી.

૯૫ સ્ત્રીઓનું સ્વતંત્ર વર્તન તે પોતાના કુળરૂપ ચંદ્રનાં કલંક સમાન છે.

૯૬ કુલીન કાંતાઓએ કુડપ્રયોગ કરવો તે લજ્જાનું સ્પદ છે.

૯૭ ઉચીત કાર્ય કરતાં શીયળની રક્ષા થતી હોય તો સ્ત્રીએ કરેલ કુડ પ્રયોગ અપવાદ તરીકે જાણવો.

૯૮ દરેક વિદ્વાન, કળાજ્ઞ, તરૂણ પુરુષે પોતાના કર્મની પરીક્ષા કરવા વિદેશ વિચરવું જોઇએ. કારણ પુરુષની સત્તા દિવ્ય છે. તે સત્તાનો ઉપયોગ કર્યા સિવાય સંતોષ માની બેસી રહેનારા તથા જન્મભૂમિ અને જન્મગૃહના (ઘરના) મોહને વશ થનારા કાયર પુરુષો પોતાના જીવનની ઉન્નતિ કરી શક્તા નથી. તેઓનું જીવન પ્રમાદમાં જ લય થઇ જાય છે.

૯૯ જ્ઞાન, કળા, હુન્નરનું બળ (આવડત) પ્રાપ્ત થયા છતાં અને અનુકૂળ સામગ્રી, સહાય મળ્યા છતાં જેઓ આત્મોન્નતિનાં કાર્યો કરતા નથી. તેઓનાં તથા અધમ

સેવા વૃત્તિનો સ્વીકાર કરી ભાગ્યનો વિક્રય કરનારા તથા પારકા ભાગ્ય ઉપર જીવનારાનાં જીવન અજાગળ-સ્તનની જેમ વૃથા જાણવા.

૭૦ લક્ષ્મી એ ચમત્કારી વસ્તુ છે. તેનાથી સારાં અને ખરાબ બન્ને કાર્યો થાય છે. માનવ હૃદયને લોભાવનારી લક્ષ્મી જ છે. લક્ષ્મીથી આકર્ષાયેલા લુબ્ધ પુરુષો સર્વ પ્રકારનાં અકાર્યો કરવા તત્પર થાય છે. લક્ષ્મી શું નથી કરતી ? એ ચપળાનો પ્રભાવ અવર્ણનીય છે તે જેમ પ્રાણને પોષણ કરનારી છે તેમ જ પ્રાણ હરણ કરનારી પણ છે. લક્ષ્મીની લહેરમાં લુબ્ધ થયેલાઓ પ્રાણનો ત્યાગ કરવા પણ તત્પર થઇ જાય છે.

૭૧ પૂર્વભવમાં કરેલાં શુભ યા અશુભ કર્મોના ઉદયથી સંયોગો બદલાઈ જાય છે અને સંયોગો બદલાવાથી કારણવાસી આત્માના ભાવ પણ બદલાઇ જાય છે.

૭૨ મનની શુભ ધારણા છતાં અશુભ કર્મના ઉદયથી અશુભ કાર્યમાં પ્રવૃતિ કરાય છે.
અને જીવ અશુભ કર્મનો બંધ પાડે છે.

૭૩ ઉપર પ્રમાણે થવામાં કાળનો પ્રભાવ નથી. ખાસ કારણભૂત તો પૂર્વકૃત કર્મ જ છે.

૭૪ પૈસાદારનાં કુળમાં જન્મ, કદર જાણનાર સ્વામી, દક્ષિણ દિશાનો પવન, વિદ્વાનોની સોબત અને સુનમ્ર વનિતાનો સંયોગ પુણ્યશાળીને જ પ્રાપ્ત થાય છે.

૩ કોઈ વખત જીવનની એકાદ ઘટનાં જીવનનાં ધ્યેયની દીશાને ફેરવી નાંખે છે. કોઈ વખત કુદરતની એકાદ શિક્ષા જીવનનું ધ્યેય બદલી નાંખે છે. કોઈ વખત દુઃખનું એકાદ મોજું સદ્‌વિચારરૂપી કોઈ અમુલ્ય રત્ન મહાસાગરના ઉંડાણમાંથી બહાર કીનારે લાવી સૂર્યના પ્રકાશમાં મુકી દે છે. કોઈ વખત પવનનો એકાદ સુસવાટો દુર્મતિના દીપકને સદંતર ઓલવી નાખે છે.

૪ જે સમયથી, જે મુહૂર્તથી રાજસત્તા (રાજમદ, ધનમદ, વિદ્યામદ વિગેરે) ઉદ્ધત અને અવિચારી બને છે. તે જ સમયથી એ મદથી વિનાશનાં બીજ રોપાય છે એ બીજ પોતાના ઉદરમાં ધરાવનારી ધરા (પૃથ્વી) માટે સત્તાનો મદ ખાતરનું કામ કરે છે. ક્રોધ ત્યાં અગ્નિને બદલે પાણીનું કામ કરે છે. એ રીતે એ બીજ વિનાશ રૂપી વૃક્ષનું રૂપ ધારણ કરે છે. એ વૃક્ષનાં ફળ કડવા અને કોઇ વખત પ્રાણનો ઘાત કરનાર પણ નીવડે છે.

૫ જ્યારે શ્રીમંતો ગરીબોનાં આંતરની વ્યથા વાંચતા શીખશે, તેમના મનોરથો વધાવતાં શીખશે, તેમના આશીર્વાદમાં પોતાનું કલ્યાણ સમાયેલું નીરખશે અને તેમની આશા પૂર્ણ કરવામાં પોતાના જીવનનું સાફલ્ય ગણશે ત્યારથી જગતનાં અર્ધાં દુઃખો દુર થઇ જશે.

૬ સર્વ સ્થળે જયની ઇચ્છા રાખવી પરંતુ પુત્ર તથા શીષ્યથી તો પરાભવ ઇચ્છવો.

મોટા ઘરમાં પણ પ્રકાશ પાડે છે. જરાક જેટલું કડુ ભાપણુ (મર્મવચન) મહાન્ મર્મ સ્થાનને પણ વીંધી નાખે છે. નાનો મંત્ર મોટા દેવ–દાનવોને પણ તાબે કરાવી દે છે. અને નાના પત્રથી મોટા મેલાપ જેટલો આનંદ થાય છે. માટે ખરેખર લઘુતામાંજ પ્રભુતા રહેલી છે.

૨૩ એક લોભીયા માણસે ઉનાળાની રૂતુમાં પોતાના હાથની મુઠીમાં એક રૂપીઓ રાખેલો હતો. તેના હાથમાં પસીનો થયો. ત્યારે લોભીઆને મનમાં એમ થયું જે રૂપીઓ રડે છે તેથી તેણે રૂપીઆને ઉપદેશ આપ્યો કે–હે રૂપીઆ ! તું અકળાઇ જઇ અશ્રુપાત કરી તારૂં શરીર શા માટે બાળે છે ? તું તો મને મારા માતા પિતા કરતાં પણ વધારે પ્રીય છો. વળી જો તું કોઇ દાતારનાં હાથમાં પડ્યો હોત તો આમ તેમ અથડાયા કરત અને તને આરામ મલત નહીં. અત્યારે તો તું મારા હાથમાં પડ્યો છો. માટે હીંમત હારી જા મા. કારણ–હું જીવતો છું ત્યાંલગી તો તને ડાટી રાખીશ અને મુસીબતનાં વખતમાં પણ વટાવીશ નહીં. એટલું જ નહીં પણ હું જયારે મરી જાઇશ ત્યારે પણ મારા છોકરાને એજ પ્રમાણે કરવા ભલામણ કરતો જઇશ. માટે તું રો મા !

૨૪ શુકનશાસ્ત્રીનાં જ્ઞાનનાં બળે માર્ગમાં પ્રવાસીઓના પ્રાણ બચે છે.

૨૫ લાભ કરનાર કે ગેરલાભ કરનાર શુકનનું ફળ એવું

અને શરીરને ટકાવવા માટે શુદ્ધ અન્ન-પાનાદિકની જરૂર પડે છે, માટે વિચક્ષણ પુરુષોએ ધર્મોપષ્ટંભ દાન દેવું. (શુદ્ધ અન્નપાણી-વસ્ત્ર-પુસ્તકાદિક આપવું તે ધર્મોપષ્ટંભ દાન કહેવાય છે).

૧૩૬ આયુષ્ય ક્ષીણ થતા આવે છે ત્યારે ઓષધ, મણી, મંત્ર, તંત્ર, ગ્રહપૂજનાદિક કાંઇપણ સહાય કરી શકતાં નથી.

૧૩૭ કર્મરૂપી ગણીતશાસ્ત્રી પ્રસ્તાવની (બંધાતા શુભાશુભ કર્મોની) ગણત્રી સત્યરૂપે કર્યા જ કરે છે.

૧૩૮ સુપાત્રને આપેલું ગમે તેવું પ્રાસુકદાન મનુષ્યનાં ભાવીષ્યના વૈભવનો જ હેતુ છે.

૧૩૯ કર્મરૂપી શીલ્પશાસ્ત્રી પોતાની ઇચ્છા મુજબ સ્ત્રી કે પુરુષનાં રૂપો જીવને સમર્પે છે.

૧૪૦ દરેક કાર્યમાં લોભ છે તે દુઃખનું કારણ છે અને સંતોષ છે તે સુખનું કારણ જાણવું.

૧૪૧ જ્યાં શુદ્ધ ઇચ્છા હોય છે ત્યાં માર્ગ મળી શકે છે. તમારા હાથને જે કાંઇ કરવાનું મળે તે તમારી સઘળી શક્તિ પૂર્વક કરો.

૧૪૨ તમારા પોતાના જ પુરુષાર્થ ઉપર આધાર રાખો. જો તમે મહેનત કરી શકો તો કોઇની સહાય કે સખાવતો ઉપર આધાર ન રાખો.

૧૪૩ પૈસા નહી. પણ પૈસાની તૃષ્ણા જ બધા અનર્થનું મૂળ છે.

૧૪૪ દેખાવ અને [illegible] [illegible] ન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

૧૪૫ શાસનની દીનતા ટાળી આદરવા માટે [illegible] પણ જ્ઞાન હેતું એનો નિયમ છે.

૧૪૬ દુરાગ્રહી–કદાગ્રહી મનુષ્યો સરળતાથી કે નરમાશથી કાબુમાં આવતાં નથી. માટે ભેંસનાગનું ઔષધ "ઢીલું મુકવું" એ જ છે. અર્થાત્ "વાર્યો ન કરે તે હાર્યો કરે."

૧૪૭ અલ્પમતિ મનુષ્યોને યોગ્ય વખતે–સમયે–યોગ્ય વિચાર કે ઉપાય સૂઝતો નથી–જેથી નવનું તેર થઈ જાય છે.

૧૪૮ જે શિક્ષા કરવાને જ લાયક હોય તેની સાથે સમજાવટ કરવી લાયક નથી.

૧૫૩ " કાગને બેસવું ને ડાળનું પડવું " એમ કેટલીક વખત ઉદ્યોગ નથી ફળતો પરંતુ સમય જ ફળે છે.

સમય સમય બળવાન, નહીં પુરુષ બળવાન;
કાબે અર્જુન લુંટીયો, એહી જ ધનુષ્ય એહી જ બાણ.

૧૫૪ શકિતવાન સ્વામીના સેવકો કદી શક્તિહીન હોય જ નહી.

૧૫૫ નવી વસ્તુની પ્રાપ્તિથી જેટલો હર્ષ થાય છે તેથી સવિશેષ હર્ષ ખોવાયેલી વસ્તુ હાથ આવવાથી થાય છે.

૧૫૬ વિવેકી મનુષ્યો પોતાના પ્રિય જનોને આનંદ પમાડવામાં લેશ માત્ર વિલંબ કરતા નથી.

૧૫૭ સજ્જનમાં સદ્‌ગુણો હોય છતાં દુર્જનો નથી તેમ કહે અને અછતાં દોષનું આરોપણ કરે તેનાથી જે દુઃખ સજ્જનને થાય છે તે દુઃખ મહાસાગરનાં નીર પણ શોષી લે છે તો મનુષ્યનાં હૃદયની તો વાત જ શી કહેવી ?

૧૫૮ આખી દુનિયાભરમાં જોઈહયો કે લક્ષ્મી, ધન, કીર્તિ, કોઇને પણ સાહસ, ઉદ્યમ કે પરાક્રમ સિવાય પોતાની મેળે આવીને વરી નથી. બુદ્ધિ અને બળ ગમે તેટલાં હોય પણ જ્યાંસુધી કેડ બાંધીને લક્ષ્મીની પાછળ ન પડો ત્યાંસુધી તે હંમેશાં તમારાથી દૂરને દૂર જ રહેવાની છે.

૧૫૯ મુત્સદ્દીના કથનનો આશય સમજવા માટે મુત્સદ્દી થવાની ખાસ જરૂર છે.

૧૬૦ ચિંતાના સમયમાં [illegible] આત્માની ચિંતાશક્તિ [illegible] સ્મરણશક્તિનો પણ [illegible] નાશ થાય છે.

૧૬૧ દુર્જનો હલકા માણસો બીજાની પ્રશંસાને સહન કરી શકતા નથી. તેઓ તો નિંદાથી જ [illegible] પ્રકાશે છે.

૧૬૨ હરેક મુખ્ય સંયોગો કે કારભારીઓએ સત્ય અને અસત્યના સંબંધમાં બની ગયેલી, બનતી અને બનનારી હરેક ઘટનાથી જાણીતા રહેવું જોઈએ તો જ તેનાથી કારભારૂં થઇ શકે છે.

૧૬૩ કેટલીક વખત કાર્યવશાત્ યુક્તિપ્રયુક્તિથી નિર્બળ મનુષ્યો સબળ મનુષ્યોને હરાવવા શક્તિમાન થાય છે.

૧૬૪ અનુચિત કાર્યનો પ્રારંભ, સ્વજનોની સાથે વિરોધ, બળવંતની સાથે સ્પર્ધા, અને દુષ્ટ સ્ત્રીજાતનો વિશ્વાસ આ ચારે મૃત્યુના દ્વાર જાણવા.

૧૬૫ સાહસ અને ધીરજ એ ઉભયમાંથી છેવટે ધીરજ વિજય અપાવે છે.

૧૬૬ જીવનની શરૂઆત અધમતાના માર્ગે (અધર્મના માર્ગે) થયા પછી તેને ધર્મમાર્ગ ઉપર લાવવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે.

૧૬૭ કેટલીકવાર એવું પણ બને છે કે જે માણુસ બહુ પાપી હોય છે તે ધર્મી અને દુરાચારી હોય છે તે સદાચારી અને જે બહુ શયતાન હોય છે તે સાધુ બની જાય છે. એટલું ખરૂં કે માનુષી જીવનમાં

આવું પરિવર્તન કોઇ આકસ્મિક ઘટનાથી જ બનવા પામે છે. કારણ પ્રકૃતિ કે કર્મનો આ કાંઇ સર્વમાન્ય અબાધિત નિયમ નથી.

૧૬૮ જીવનમાં દુઃખમાંથી સુખ મેળવવાના સંયોગો વારંવાર આવતા નથી. અનુકૂળ સંયોગ અને સમયને જે ગુમાવે છે તે પાછળથી પસ્તાય છે.

૧૬૯ ભવિષ્યની ચોક્કસ વાત સર્વજ્ઞ વિના કોઇ જાણી શકતું નથી. પરંતુ વર્તમાન સંયોગો ઉપરથી ભવિષ્યમાં શું બનશે એવી કલ્પના તો ડાહ્યા માણસો કરી શકે છે.

૧૭૦ સંસારી માણસનું કર્તવ્ય સમાજ અને દેશની ઉન્નતિ માટે સતત્ પ્રયાસમાં રહેવાની સાથે ધર્મનું પાલન કરવાનું છે અને સાધુઓનું કર્ત્તવ્ય ધર્મના રક્ષણ સાથે આત્માનું કલ્યાણ કરવાનું છે. સંસારી અને સાધુમાં એટલો ભેદ છે અને એ ભેદમાં જ એકબીજાનું મહત્વ રહેલું છે.

૧૭૧ વિદ્વાનોની સભામાં સારાં વચનો બોલતાં ન આવડે તો મૌન ધારણ કરવું.

૧૭૨ કોઇમાં માનસિક બળ હોય તો કોઇનામાં શારીરિક બળ હોય તેથી સદ્ ઉપાય જાણનારનું (અવસરોચિત ઉપાય જાણનારનું) આ પૃથ્વી પર લેશ પણ અનિષ્ટ થતું નથી.

૧૭૩ સારાં પુસ્તકોના વાંચનથી બુદ્ધિ વધે છે. પરંતુ આધ્યાત્મિક બળ તો અભ્યાસથી જ વધે છે. જેવી રીતે

૧૮૧ યોગ અને ક્ષેમ (મનની એકાગ્રતા અને નિર્વિઘ્નપણું) બન્ને વાનાં નિશ્ચયે દેવતાના હાથમાં છે અને ધાર્મિક માણસો પ્રત્યે દેવતા વાત્સલ્યભાવ દર્શાવે છે.

૧૮૨ ઈષ્ટ અને મિષ્ટ ભાષણ કરનારી જીભ્યા (જીભ) કામધેનુ ગાય સમાન મનોવાંછિત ફળને આપનારી છે.

૧૮૩ ડાહ્યા માણસે પોતાની જીભે કદી પણ પોતાને અથવા બીજાને વિષે અશુભ શબ્દ કહેવા નહીં. (આત્માને નિર્બળ ગણવો નહીં.)

૧૮૪ જેણે સાર્વજનિક સંસ્થાની જવાબદારી લીધી હોય તેણે સંસ્થાના આદર્શો પ્રેરવા જોઈએ. પરંતુ ગુંચી નાખવા નહીં. તેમ વખતે તેમાંથી ખસી જવું (નીકળી જવું) વધારે ઉત્તમ છે.

૧૮૫ બે વ્યક્તિમાં પરસ્પર સંબંધ ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી એક બીજાનાં હૃદયમાં દોષદૃષ્ટિ ઉપજતી નથી.

૧૮૬ વિજાતીય ગુણોને (જડના-પુદ્ગલના ગુણોને) દોષ રૂપે જોનાર-કહેનાર-માનનાર અને તેનાથી સાચી રીતે વિરામ પામનાર વ્યક્તિ ત્યાગી-સાધુ જાણવો.

૧૮૭ એક પ્રસંગે એક વસ્તુમાં પ્રતિકુળતાના અંગે દોષ દેખાય છે. તો અન્ય પ્રસંગે તે જ વસ્તુમાં અનુકૂળતા લાગવાથી તેમાં જ ગુણ જણાય છે. માટે જ વસ્તુમાં દોષ નથી પરંતુ આપણી દૃષ્ટિમાં દોષ છે.

૧૮૮ દરેક દેશમાં અનેક પ્રકારનાં ધંધા છે. તેમા ખટપટ

મેસ્મેરિઝમ કરનાર માણસ ચિત્તની એકાગ્રતાના અભ્યાસથી પોતાનું માનસિક બળ વધારે છે તેમ.

૧૭૪ જ્યારે માણુસને ઊધારે લેવાની ટેવ પડી જાય છે. ત્યારે તે પોતાની આવકથી વધારે ખર્ચ કરવા લાગે છે. તેનું પરિણામ સારૂં આવતું નથી. આ એક નાની વસ્તુ છે. પણ જીવનમાં આનું ભારે મહત્વ સમાયેલું છે.

૧૭૫ દરેક વિચાર શક્તિથી ભરેલો છે જે વખત આવતાં કાર્યરૂપે પ્રકાશીત થાય છે.

૧૭૬ આધ્યાત્મિક શક્તિ સંચય કરવાનો સૌથી સારો નિયમ દરેક પ્રાણીનું કલ્યાણ ચિંતવવુ તેમાં છે.

૧૭૭ મન છે તે મહાન્ સૃષ્ટિ કર્તા છે. જે મનુષ્ય સંકલ્પને દ્રઢ કરે છે તેને અનુકૂળ પરિસ્થિતિ પણ તૈયાર થઇ જાય છે.

૧૭૮ મનુષ્યોના વિચારો પ્રેમભાવથી બળવાન થાય છે. અને ઈર્ષા, દ્વેષ તથા સ્વાર્થબુદ્ધિથી નબળા બની જાય છે.

૧૭૯ બીજાના હીતનું ચિંતવન કરવું તે આપણુને સમાજમાં પ્રતિષ્ઠિત બનાવે છે. જેનાથી આપણું જીવન સાર્થક અને સુખી થાય છે.

૧૮૦ બાળક સાથે મિત્રતા, વિના કારણુ હાસ્ય, સ્ત્રીઓ સાથે વાદ-વિવાદ, દુર્જનની સેવા, ગર્દભનું વાહન અને સંસ્કાર વિનાની હલકી વાણી એ છ બાબતથી મનુષ્ય લઘુતા પામે છે.

૧૯૫ નૃપમાં અને યુવતિમાં (સ્ત્રીમાં) સ્થિરત્વ જેવું ભાગ્યે જ હોય છે.

૧૯૬ મંત્ર, તંત્ર કે ઔષધીઓ સાધવામાં તપસ્વી પુરૂષ કે સ્ત્રી હોય પણ દૃઢતાથી સાધે તો તેનો પ્રભાવ પ્રાપ્ત થાય છે.

૧૯૭ અંતઃકરણની શ્રદ્ધાપૂર્વક કરેલી આરાધના, સેવા કોઈ દીવસ પણ નિષ્ફળ જતી નથી.

૧૯૮ પોતાનું જીવન, પોતાનું ધ્યેય, પોતાની પ્રગતિ કઈ દિશામાં જાય છે અને તેને કઈ દિશામાં લઈ જવાની જરૂર છે તે દરેક બાબત પ્રથમથી જ વિચારી રાખ.

૧૯૯ જગતમાં રહી અનેક પ્રકારનાં દુઃખો સહન કરવા કરતાં પણ સદ્‌ગુણી તથા વિનયવાનના વીરહનું દુઃખ સહન કરવું બહુ જ મુશ્કેલ છે. માનવીની નીરોગી કાયા છતાં વિરહ એ કુદરત તરફનો છુપો માર છે. (ક્ષયના રોગની જેમ)

૨૦૦ દુઃખરૂપી કાળા વાદળામાંથી સુખરૂપી સૂર્ય એકદમ પ્રગટી નીકળતાં વાર લાગતી નથી, (ઉત્તમ પુરુષને પોતાના લોકોત્તર આચારથી દુઃખ પણ સુખ આપનાર થાય છે.)

ગુણસ્થાનકોમાં [illegible]
તમામ ગુણસ્થાનોને જ [illegible] છે.

૨૦૨ શ્રીમંત કે રંક દરેકને આજ યા કાલ [illegible] મોત (મરણ)નું [illegible] પડશે. માટે બનેલી તકની કે જ્ઞાનવૃદ્ધિનો [illegible], [illegible] કે શાસનસેવામાં જરૂર કરી લેજો.

૨૦૩ પૈસા વિનાનો સંસાર અને જ્ઞાન વિનાનો સંસાર બંને બરાબર જાણ.

૨૦૪ યૌવનાવસ્થા એવી ઉદ્ધત અને તોફાની વસ્તુ છે કે જેનાથી મનુષ્ય દરેક પ્રકારની ગાગવડનામાં છતાં અનેક જાતનાં અનર્થો કરી નાખે છે.

૨૦૫ યૌવનાવસ્થાની ઉદ્ધતાઈને સમજુ, જ્ઞાની અને ધર્મના જાણ મનુષ્યો કાબુમાં રાખી પરમાર્થનાં કાર્યોમાં એને જોડી જઈ માનવ જીવન સફળ કરે છે.

૨૦૬ મનુષ્યો જેમ સુખ ભોગવવા તૈયાર થઇ જાય છે તેમ દુઃખ ભોગવવા પણ તૈયાર થવું જોઈએ (શીખવું જોઈએ.

૨૦૭ સદાચારી નિર્દોષ મનુષ્યોના ઉપદેશનાં અલ્પ વચનો પણ સામા માણસને ચમત્કારીક રીતે અસર કરે છે.

૨૦૮ જે વાત ભવિષ્યના પડદા પાછળ ભરાઇ રહી હોય એવી બાબતનો વિચાર કરી ખેદ કે હર્ષ કરવો નકામો છે.

૨૦૯ મનની ઇચ્છાઓ-વિચારો કરતાં એના પરિણામ

અગર કાર્ય શુદ્ધ જ રૂપ લે છે. (એની અનુભવે જ ખબર પડે છે.)

૨૧૦ લક્ષ્મી કાંઈ મહેનત, મજુરી કે કમાયે આવતી નથી. એ તો નસીબ ફરે ત્યારે ઉંધા દાવ પણ સવળા પડે. ધૂળમાંથી રત્ન જડે. લક્ષ્મી દાટવા જાય ત્યાંથી લક્ષ્મી નીકળી પડે. એ તો પૂર્વોપાર્જીત કર્મની કમાણી છે.

૨૧૧ જગતમાં એને જ દુઃખ છે કે-જેના મનમાં વાસનાઓ-આશાઓ-અને ઇચ્છાઓ અધુરી રહેલી હોય છે.

૨૧૨ મનુષ્યની ઇચ્છાઓ સુખના અનેક સંકલ્પ-વિકલ્પો કરતી જ્યારે જુદી જ દીશાઓમાં વહી જાય છે ત્યારે નિશાનાનું નિશાન એનાથી જગતમાં પણ નિરાળું જ હોય છે. એના કોઈને કોઈ નબળા મનુષ્યને ફટકા લગાવ્યે જ જાય છે.

૨૧૩ સૂર્ય અને ચંદ્રના ઉદય તથા અસ્તના ક્રમાનુસાર જેનો જન્મ થાય છે તેનું મૃત્યુ પણ અવશ્ય થાય છે. પ્રકૃતિનો એ અટલ અને અગાધ નિયમ છે.

૨૧૪ નિઃસ્વાર્થ ગુરૂ થકી સર્વને લાભ જ થવાનો સંભવ છે. મહાત્માના સમાગમથી દૈવ અનુકુળ છતે ગેરલાભ હોય જ નહી. પણ એવા નિઃસ્વાર્થી સંતપુરૂષનો સમાગમ થવો તે જ આ ફાની જગતમાં મહા પુણ્યની નીશાની છે.

૨૧૫ ટમ ટમ, ધીમે ધીમે વરસાદ વરસ્યા કરતો હોય, વિજળીના ચમકારા અને મેઘરાજના ધડાકાની ગર્જના

પુન્યકરણીમાં ઉપયોગ આવે તેવું ધન મળવું આ તમામ પુણ્યશાળીને જ પ્રાપ્ત થાય છે.

૨૦૨ શ્રીમંત કે રંક દરેકને આણધારી વખતે નોટીસ વગર મોત (મરણ)નું વારંટ લાગુ પડશે. માટે મળેલી લક્ષ્મી કે જ્ઞાનબુદ્ધિનો સદ્વ્યય, આત્મકલ્યાણ કે, શાસનસેવામાં જરૂર કરી લેજો.

૨૦૩ પૈસા વિનાનો સંસાર અને ગોળ વિનાનો કંસાર બંને બરાબર જાણ.

૨૦૪ યૌવનાવસ્થા એવી ઉદ્ધત અને તોફાની વસ્તુ છે કે જેનાથી મનુષ્ય દરેક પ્રકારની સગવડતામાં છતાં અનેક જાતનાં અનર્થો કરી નાખે છે.

૨૦૫ યૌવનાવસ્થાની ઉદ્ધતાઈને સમજુ, જ્ઞાની અને ધર્મના જાણ મનુષ્યો કાબુમાં રાખી પરમાર્થનાં કાર્યોમાં એને ખેંચી જઈ માનવ જીવન સફળ કરે છે.

૨૦૬ મનુષ્યો જેમ સુખ ભોગવવા તૈયાર થઇ જાય છે તેમ દુઃખ ભોગવવા પણ તૈયાર થવું જોઇએ (શીખવું જોઇએ.)

૨૦૭ સદાચારી નિર્દોષ મનુષ્યોના ઉપદેશનાં અલ્પ વચનો પણ સામા માણસને ચમત્કારીક રીતે અસર કરે છે.

૨૦૮ જે વાત ભવિષ્યના પડદા પાછળ ભરાઇ રહી હોય એવી બાબતનો વિચાર કરી ખેદ કે હર્ષ કરવો નકામો છે.

૨૦૯ મનની ઇચ્છાઓ-વિચારો કરતાં એના પરિણામ

થતી હોય, શીતળ વાયુની લહરી મુસાફરોના પરિશ્રમને દૂર કરી ચિત્તને પ્રસન્ન કરતી હોય, પાણીવડે કરીને લીલો કલાર જેવો દેખાવ થઇ રહ્યો હોય તે અવસરે જળ પ્રવાહવડે આર્દ્ર થયેલો સુંદર દેખાવ દુઃખમાં ગમગીન થઇ ગયેલા મનુષ્યહૃદયને પણ શાંત બનાવી આનંદના હીંડોળામાં હુલરાવે છે. જગતના પ્રત્યાઘાતથી આળું થયેલું જીગર બે ઘડીક તો દુઃખને વીસરી જાય છે.

૨૧૬ દુઃખી માણસને દુઃખ થકી ઉદ્ધાર કરવાને માટે શકુનશાસ્ત્રીનું જાણપણું ઘણું જ ઉત્તમ છે.

૨૧૭ જગતમાં જે સમજુ મનુષ્ય હશે તે લક્ષ્મીની ચપળ ગતિનો ફટકો લાગતાં જ સાવધાન થઇ લક્ષ્મીની પ્રાપ્તિનો સદ્ ઉપયોગ કરી પોતાનું જીવન સાર્થક કરશે.

૨૧૮ મનુષ્ય વિચાર કરીને કામ કરે છે. છતાં દૈવ પ્રતિકુળ થતાં મનુષ્યની બુદ્ધિને વિપરિત કરી એવો ફટકો લગાવે છે કે તે બિચારો હતાશ થઇ પસ્તાવાના સમુદ્રમાં કેટલોક કાળ ગોથાં ખાધા કરે છે.

૨૧૯ આપણા જીવન પર્યંતમાં મનુષ્યને ભાગ્યની કોઇક જ વખત અમૂલ્ય પળ હાથ લાગી જાય છે. જેથી તેના ભાગ્યનો પાશો ફરી જાય છે. તે પછી તો પૈસો પૈસાને પેદા કરે છે. આવી અમૂલ્ય તક વારંવાર મળતી નથી.

૨૨૦ કોઇપણ કાર્ય સિદ્ધ કરવામાં અવસર (દેશ, કાળ, દેહ) નો પુરેપુરો વિચાર કરવો. તોજ સિદ્ધ થાય છે.

૨૨૧ વિચારો તમો—લંકા જેવી નગરી જીતવાની છે, પગવડે સમુદ્ર તરવાનો છે, રાવણ જેવો પ્રબળ શત્રુ છે, લડાઈમાં સહાય કરનારા વાંદરાઓ છે, તથાપી રામે રાવણના કુળનો વિનાશ કર્યો. માટે જ ખરેખર મોટા પુરુષોને તો સત્વમાં જ પરાક્રમ રહેલું છે. પરંતુ સાધનોમાં નથી.

૨૨૨ અધમ, દુર્જન પુરુષો પોતાના અછતાગુણોની ખોટી પ્રશંસા કરે છે. પરંતુ ઉત્તમ મનુષ્યને તો પોતાના છતાગુણોની પ્રશંસા પણ કરતી નથી.

૨૨૩ અંતઃકરણની શુદ્ધિ અને મનની પવિત્રતા એ માનવ-જીવનમાં આત્મ-સોપાન ઉપર ચઢવાને અગત્યની વસ્તુઓ છે. પરંતુ અંતઃકરણને શુદ્ધ અને મનને પવિત્ર રાખવા માટે બાહ્યાચારની પણ જરૂર છે.

૨૨૪ દેશના ઉદ્ધારનો અને સમાજ, ધર્મ અને લોકના કલ્યાણનો આધાર તે તે સમયના નાયકો તથા અનુયાયીઓનાં કર્મ ઉપર રહેલો છે. નહીં કે કેવળ સેવાપરાયણ જીવન ગુજારનાર વ્યક્તિ ઉપર.

૨૨૫ આ માનવ જીવનનો હેતુ સર્વ શુભ અથવા અશુભ કર્મોનો ક્ષય કરી આત્માને પરમાત્માના પદે પહોંચાડવાનો છે અને તે હેતુને લક્ષમાં રાખી બધાં કર્તવ્યો કરવાનાં છે.

૨૨૬ શરીરનો ધર્મ નાશ પામવાનો છે. તો તેને સમય આવ્યે તેના ધર્મને વશ વર્તવા દેવું જોઇએ.

૩૬ બાળકોની બુદ્ધિને આપણી બુદ્ધિની બેડીઓમાં કેદ
ન કરવી.

૩૭ શ્રાવકની દયાનું નીચામાં નીચું બિંદુ નિરપરાધી ત્રસ
જીવને નિરપેક્ષ બુદ્ધિએ સંકલ્પીને ન મારવામાં
આવીને અટકે છે. એટલું પણ જો ન બની શકે
તો એ માનવી પશુથી પણ ઉતરતી પાયરીએ
જઈ પડે છે.

૩૮ મોંઢાના ગોખલામાં બેઠેલી જીહ્વાબાઈ (જીભ
જીવનમાં ભારે અગત્યનો ભાગ ભજવે છે. માત્ર તેના
પર તેના માલીકનો કાબૂ હોવો ઘટે છે.

૩૯ જન્મ, જરા અને મૃત્યુ એ ત્રણે અવસ્થામાંથી પ્રત્યેક
પ્રાણીને પસાર થવું પડે છે. એ આ સંસારનો
અબાધિત નિયમ હોવાથી કોઈ આપ્તજનના જન્મથી
કિંવા મૃત્યુથી તત્ત્વના જાણકાર પુરુષોને બહુ હર્ષ કે
બહુ શોક થાય એ કેવળ અયોગ્ય જ ગણાય.

૨૪૦ લાંબો વખત સત્તા ભોગવવાને લીધે ભૂતકાળનું વિસ્મરણ
થઈ જાય છે અને મિત્રો જાણે તાબેદાર હોય તેવું
ભાન થઈ જાય છે.

૨૪૧ એક જ ચીલામાં વહ્યા જતાં મન ઉંડા ચીલા જેવા
થઈ જાય છે. જેમ મન વધારે મોટું તેમ તેમાં
ચિંતા વધારે ઉંડી પડે છે. આવા ઉંડા અને જુના
ચીલામાં ખુંચી ગયેલા ગાડાને બહાર કાઢવા માટે
માણસને નવા તાજા મનની ખાસ જરૂર છે.

અજ્ઞાનતાએ કુદરતની આજ્ઞા ગઇ. કુદરત વિરોધી કે વિજ્ઞાન! હાલની પાયમાલી અને માનવસંહારતાનો યશ તને જ ઘટે છે. ને તે તને જ મુબારક.

૨૬૪ આ જમાનાની આંતરીક બેચેની અને અવિશ્વાસને કારણે મન અને શરીરનો સંપૂર્ણ વિકાસ, નિવૃત્તિ કે આરામનો ઉપભોગ મનુષ્ય ભાગ્યે જ પામતો હશે.

૨૬૫ બાળકના બચપણની દશામાં પવિત્રતા, સરળતા અને અમરતા ઝીણી નજરે જોનારને લાગે છે

૨૬૬ દુનીયાનાં સુખોનો નાશ કરનારૂં સૌથી મોટું કારણ માનસીક અજંપો છે.

૨૬૭ પરસ્ત્રી ઉપર કુદ્રષ્ટિ કરનારને વ્યભિચારી કહેવા કરતાં પરાઇ વસ્તુ માત્ર પર કુદ્રષ્ટિથી જોનારને વ્યભિચારી ગણવામાં આવે તો અસંખ્ય સ્ત્રી-પુરુષોનાં હૃદયો વેરાન, દુઃખી અને રોગી જણાશે.

૨૬૮ માણસોનો સંયોગ થવાનું નાનામાં નાનું મિત્ર કુટુંબ છે. સમાજ એ કુટુંબને લગ્નના અને ધર્મોના બંધનોથી જકડી રાખે છે.

૨૬૯ ઘણાખરાં માણસો ખુશામતને આધીન હોય છે. અને નિપુણ ધૂતારાઓ તેનો લાભ લે છે, જેની ખુશામત કરવામાં આવે છે તે માણસ સ્વઅભિમાનથી અંધ બની જાય છે.

૨૭૦ સામા માણસમાં નબળો મુદ્દો કયો છે તે જાણી લઇ

૨૬૦ દેશનું [illegible]
ઉપર આધાર રાખે છે.

૨૬૧ જે રાજ્યમાં અથવા રાજ્યમાં મોટા અધિકારીઓ [illegible] રાજ્યકર્તાઓ નાગરિકોની [illegible], અનુભવ, સંયમ ને કામ કરવાની આવડત, સમજવાનું અને શબ્દોમાં વિવેક ને વાણી લેવાની કુશળતા હોય તે રાજ્ય લાંબા વખત સુધી ચાલે છે.

૨૬૨ રાજ્યના મુખ્ય અધિકારીએ ગમે તેવી ટીકાઓ સામે શાંત અને સહકારથી જોવાની ટેવ, દરેક સવાલોના ઉકેલ સલાહસંપથી થતા હોય ત્યાંસુધી સત્તા વાપરવાની અનિચ્છા, સર્વેના હક્કો ઉપર સરખી દૃષ્ટિ, ચર્ચામાં વિવેક અને ગમે તેવા પ્રસંગોને પહોંચી વળવાની તાકાત મેળવવી જોઇએ.

૬૩ બુદ્ધિના દુરૂપયોગે જે વિજ્ઞાન પેદા થયું તે વિજ્ઞાનને

૨૭૩ [illegible]

૨૭૪ સેવામાં જે મજા છે. તે હુકમ ચલાવવામાં નથી.

૨૭૫ સેવા વેતન માટે નથી. વેતન તો (નોકરી નો) સેવાને છેડે ઉગતું ફળ છે.

૨૭૬ તમારા ઉપરીઓ તરફ હંમેશા માનપૂર્વક વર્તશો તો તમારા હાથ નીચેનાઓ પણ તમારી તરફ માનપૂર્વક જોશે.

[illegible] ગુન્હાઓ, અપરાધો માફ કરવાથી કદાચ વધતા હશે

મતભેદનો કાળ છે [illegible] કુટુંબનું જીવન [illegible]
પસરી રહ્યું છે. [illegible] અને વિચારોને
લીધે ચારે તરફ ક્લેશ [illegible] દેખાય છે
જેથી કોઈ મહાન [illegible]
આ સ્થિતિ ઉત્પન્ન [illegible]

૨૯૨ કોઇ પણ વ્યક્તિ [illegible] ઓફિસર થવાતું નથી [illegible] તે વાત ધ્યાનમા રાખ[illegible]

૨૯૩ મોટો ઓફિસર હુકમ [illegible] સેવાનો લાભ લેનાર [illegible]

૨૯૪ અધિકાર એ સેવા કરવાનો [illegible] ન નીવડનાર પાસેથી પ્રભુ [illegible] છે

૨૯૫ શીખામણ કરતાં સ્વઅનુભવ [illegible]

૨૯૬ તમે સારૂં ન કરી શકો તો અડચણ નહી. પરંતુ તમે અંદર જેવા હો તેનાથી બીજા દેખાવાનો પ્રયત્ન કરશો નહીં.

૨૯૭ વર્તણુક અને વિચારોનો સંબંધ બરાબર જાળવી રાખવો

૨૯૮ સામન્ય રીતે ન્યાય અને સ્વાર્થને બીયાબારૂં છે

૨૯૯ સ્વાર્થની દ્રષ્ટિ પાસે તો ન્યાયનો વિચાર આવી શકતો નથી. એવો મનુષ્યસ્વભાવ છે.

૩૦૦ બીજાના હકની વચ્ચે ન આવવું તે આત્મભોગ નથી પરંતુ તે ન્યાયવૃત્તિ છે.

[illegible]

૨૮૯ [illegible]

૨૯૦ ધર્મ અને [illegible] એ બન્નેના [illegible] તેઓ [illegible] એ [illegible] રહી શકાય તેમ નથી [illegible] ધર્મભાવના ([illegible] ધર્મભાવના) ના [illegible] ને [illegible] એ [illegible] વ્યવહારમાં—સમાજમાં દાખલ કરીને લોકસંગ્રહ (જનસમૂહ) બાંધી [illegible] એવા ઝઘડા સમાજમાં જ્યારે દાખલ થાય ત્યારે સમાજના અંગો ઉંધા [illegible] છે તેમ જાણવું.

અત્યારે જગતમાં, સમાજમાં, સંસ્થામાં, વિગેરે સ્થળે

૩૦૧ ડહાપણવાળા મનુષ્યોનો એવો નિયમ હોય છે કે જો સામા પક્ષમાં ઘણું ખોટાનું હોય તો સામા થઈને બધું ખોટા કરતાં થોડો ભાગ આપીને ચુપ બેસી રહેવું.

૩૦૨ પોતાની પદવી અને મોભા પ્રમાણે જાહેરમાં અન્યાય ગણાઈ જવાની ખાત્રીથી માણસ બીવે છે.

૩૦૩ મતભેદ એ ઘણીવાર દરખાસ્ત મુકનારાઓની આંખ ઉઘાડનારી ફળરૂપ સલાહ છે.

૩૦૪ મતભેદ એ નુકશાનકારક નહીં પણ કેટલીક વખત સત્ય માર્ગનું દર્શન કરાવનારી લકીર છે.

૩૦૫ સ્વતંત્રતા એ સુંદર વસ્તુ છે. બીજાના સ્વાર્થની આડે આપણે ન આવીએ અને આપણા પોતાના જ હીત ઉપર મુસ્તાક રહીને આપણું હીત જાળવતાં બીજાના હીત ઉપર તરાપ ન પડે એ રીતની સ્વતંત્રતા એ અબાધ્ય સ્વતંત્રતા છે.

૩૦૬ બીજાના હીતમાં આક્રમણ, બીજાની મીલકતનું પરિહરણ કે બીજાને ભોગે પોતાનો લાભ એનું નામ સ્વતંત્રતા નહીં પરંતુ સ્વચ્છંદતા જાણવી.

૩૦૭ પરશિયનમાં એક કહેવત છે કે–"એક ચટાઇ ઉપર દશ ફકીરો સુખે સુઇ શકે છે. પણ એક પાદશાહતમાં બે પાદશાહ રહી શક્તા નથી."

૩૦૮ ઇશ્વરકૃપાએ ઐશ્વર્યવાળી પદવી મળ્યા છતાં નાના અને મોટાં બધાં માણસો માણુસ તરીકે એક જ છે.

અને તેથી પરસ્પરના કલ્યાણમાં તથા પોતાના ઉદ્ધારમાં સર્વેએ મનુષ્ય તરીકે જોડાવું જોઇએ.

૩૦૯ સ્પષ્ટતાથી અભિપ્રાયો આપી શકાય અને નિરભિમાની રીતે વાતચીત થાય તો મતભેદોનો નીકાલ થઇ જવામાં વાર લાગે નહી.

૩૧૦ મેળવવાની વસ્તુ વિષે સામે પક્ષ ના પાડી શકે એવી રીતે દલીલો અને પ્રતિભાશક્તિની આવશ્યકતા જોઇએ.

૩૧૧ પૈસા કરતાં ખરા અંતઃકરણની સહાનુભૂતી વધુ અગત્યનું કામ કરે છે

૩૧૨ બાળકોનું શરીર માતાનુ દુધ પીને ઉછરે છે પણ તેનું હૃદય તો માતાનુ હૃદય ધાવીને ઉછરે છે.

૩૧૩ પરદેશમાં જઇને પ્રખ્યાત પુરૂષોના સમાગમમાં આવવાથી પરસ્પરની સ્થિતિનું ભાન થાય છે. અને વિચારોની આપલેથી જ્ઞાનમાં વધારો થાય છે. દ્રષ્ટિ વિશાળ થાય છે. અને ઘણી ગેરસમજ દુર થાય છે.

૩૧૪ રાજા અને પ્રજા એ બેઉ પરસ્પરાવલંબીત વ્યક્તિ છે. છતાં સમજદારને લાગ્યા વિના નહી રહે કે–એમાં પ્રજાજ મુખ્ય અંગ છે. જો કે રાજ્ય રક્ષણ કરે છે એ ખરૂં પણ એ રક્ષણનાં બધા સાધનો પ્રજા પુરાં પાડે છે. અને નરેશની બધી હાજતો પ્રજા પુરી પાડે છે. માટે પ્રજાને સંતોષ થાય તેવી રીતે જો રાજ્યપદ્ધતિ ન ચાલતી હોય તો નરેશને અથવા એ

[illegible] (મ[illegible]) [illegible] પાઠ છે.

૩૧૫ મુસાફરી કરનારને રસ્તામાં જેમ, પહાડ, જંગલ, ખાઈ, ડુંગરા, જંગલી પ્રાણીઓ અંતરાયરૂપ થાય છે, તેમ કોમ કોમ વચ્ચેનો તફાવત, મતભેદ, કુસંપ એ ઘણા મોટા અંતરાયરૂપ થઈ પડશે.

૩૧૬ એક ઘરમાં રહેનાર વ્યક્તિઓ જો પોતાના જ સ્વાર્થનો વિચાર કરે તો તે ઘર સુખશાંતિ વિનાનું અને હંમેશા કંકાસનું સ્થાન બની રહેવાનું.

૩૧૭ સરકાર આપણને કદાચ સ્વરાજ્ય આપે, તે લીધા પછી પણ જો આપણામાં યોગ્યતા અને એકસંપી ન થાય તો આપેલુ ખાઈ શકવાનો સંભવ નથી.

૩૧૮ જ્યાં ધર્મને સ્વાર્થ સાથે ભેળવી દેવામાં આવે છે ત્યાં લડાઇ, ટંટા, ખુનામરકી સિવાય બીજું પરિણામ આવતું નથી. એમ ઇતિહાસનાં પાનાં ઉપરથી સ્પષ્ટ જણાય છે.

૩૧૯ મતભેદ થાય તેથી ગભરાવાનું નથી. પણ તે મતભેદ મૂળ સિદ્ધાંતનો ઘાત કરનાર ન હોવો જોઇએ. દરેક પ્રશ્નોનો કઈ દિશાથી, કયા ઉપાયથી નીરાકરણ કરવો તે શોધી કાઢવું જોઇએ.

૩૨૦ બન્ને પક્ષની વાત સાંભળ્યા વગર કરવામાં આવેલ નિશ્ચયમાં શુભેચ્છા છતાં ભુલ થવા સંભવ છે.

૩૨૧ કાયદાની નવી નવી યુક્તિઓ ને [illegible] અને
તેની અંતીમ અસર [illegible]
કાયદાનું અધૂરું જ્ઞાન અને [illegible]
અતીશય જરૂર છે.

૩૨૨ જ્યારે ફરીને ભુખ લ[illegible] ત્યારે
શારીરિક દુઃખ થતું નથ[illegible]

૩૨૩ તૃષા લાગી હોય ને જમે [illegible]
(પેશાબ) થતો હોય ને [illegible]
પીવે તો ભગંદર થાય, [illegible]
આસ વિષરૂપે પરિણમે, [illegible]
જાજરૂની અંગાશી દાબીને [illegible]
પરદેશી, સાથે બીજું વસ્ત્ર પહેરીને, [illegible]
હાથમાં પાણી રાખીને, [illegible] અને
ખાવું નહીં.

૩૨૪ સર્વ ભોજન પ્રથમ સૂંઘીને પછી જમવું. તેમ કરવાથી કોઈની દૃષ્ટિ લાગતી નથી. ભોજનના પ્રારંભમાં પાણી પીવાથી અગ્નિ મંદ પડી જાય છે, વચમાં પીવું તે અમૃતતુલ્ય છે ને અંતે પીવું તે વિષતુલ્ય છે.

૩૨૫ ખાવામાં પ્રથમ ગળી ને ચીકણી વસ્તુ ખાવી વચમાં ખાટું, ખારૂં ને છેવટે તીખું, કડવું ખાવું ગુણકારક છે.

૩૨૬ દુઃખ કે ચિંતાનો દરદો વગેરે હોય તે વખતે જમવું નહીં. પરંતુ મન શાંત થયા પછી જમવું.

૩૨૭ જમતી વખત ભોજનને વખાણીને કે વખોડીને ખાવું

નહીં. જમીને તુરત એક અંજળી (પાણીનો કોગળો
ગળે ઉતારી જવો. બીજા કોગળા મુખશુદ્ધિ માં
બહાર કરવા.

૩૨૮ ભોજન કર્યા બાદ દીસાએ જવું નહીં. તથા સ્નાન પ
ન કરવું. આળસ મરડવું નહીં. સો ડગલાં ચાલવું
પછી ડાબે પડખે જાગતાં સુવું.

૩૨૯ અસાધ્ય વ્યાધીવાળા મનુષ્ય જો હુશિયાર ડૉકટર અથ
વૈદ્યની દવા તેના કહેવા મુજબ કરી પાળવા સા
નિયમસર લે, તાજી હવા લે, અને તાત્કાલીક ઉપા
યોજે તો ભવિતવ્યતાના પરિપાકથી સાજો થાય છે.

૩૩૦ " ખાવા માટે જીવન કે જીવન માટે ખાવું ? "
મનુષ્ય રસેંદ્રિયમાં લુબ્ધ બની આત્મિકકાર્ય ત
દુર્લક્ષ દાખવે છે તે પોતાનું જીવન વેડફી નાંખે

૩૩૧ શરીરનો સડો આળસ છે એટલું જ નહીં પણ ઉદ્ય
રહિતપણું મોહોટો ને ખસેડી ન શકાય તેવો સડો

૩૩૨ રોગી, દુરાચારી, નિર્દય માબાપો, નિરોગી, સદાચા
દયાવાન બચ્ચાંઓને જન્મ આપવામાં નિષ્ફળ છે.

૩૩૩ પ્રેમ વિયોગ માટે જ પેદા થયેલ છે. અને વિયો
વૈરાગ્ય ઉત્પન્ન કરે છે.

૩૩૪ પુરુષ સ્રીનાં અને સ્રી પુરુષનાં અંતઃકરણમાં વિ
પ્રયત્ને રૂચીથી કે સ્નેહથી પેસી જાય છે. તેને ખે
દેવતાઓ પણ સમર્થ થતા નથી.

વૈભવ અને વિપત્તિ જેને સરખાં છે, અમીરી અને ફકીરીમાં જેને હર્ષ શોક નથી, ક્ષુધા અને તૃષ્ણાની જેને પીછાન નથી, જંગલ અને મહેલની જેને પરવા નથી એવા પવિત્ર, મસ્તાન, પ્રેમીજનો જ પ્રેમની ખરી મજા ભોગવી જાણે છે.

જીભ કદાચ પ્રેમ પ્રગટ કરવાની ના કહે. પરંતુ મુખ-મુદ્રા જીભ કરતાં હજાર ગણી સારી રીતે કામ બજાવે છે. સ્નેહથી છલોછલ ભરાયેલા અંતઃકરણને શબ્દોચ્ચારની ઈચ્છા જ ઉત્પન્ન થતી નથી.

જે ડહાપણ પૈસાથી કે વયથી નથી આવતું તે પડતી દશા અને ગરિબાઇનાં દુઃખો સહન કરવાથી આવે છે.

કુદરત જ્યારે મનુષ્યને જીંદગીમાં આફતના વરસાદની વૃષ્ટિ વરસાવવાની શરૂઆત કરે છે ત્યારે તે કરડાકીનો અમલ કરી " દયા " શબ્દને દેશવટોજ આપે છે.

દુનીઆમાં પ્રેમ સંબંધ જોડનાર સ્વાર્થ છે. આ સ્વાર્થ જ પ્રેમરૂપી પ્રદિપનું તેલ છે. પ્રેમ બંધનરૂપ છે તેમ જ દુઃખનું મૂળ છે.

વિલાસપ્રીય નેત્રો પાર્થીવ પદાર્થો જોતાં ધરાતાં નથી એ પદાર્થો ઉન્માદભર્યું આકર્ષણ કરી બાબરા ભૂતની માફક સતાવે છે. અને રાંડીરાંડની માફક પોકેપોક મૂકી તેનાં ભક્તોને રડાવે છે.

પ્રેમ ચંદ્ર છે. અને ચંદ્રને ગ્રહણ વળગેલું છે. શત્રુરૂપી

રાહુ પ્રેમરૂપી ચંદ્રનો ગ્રાસ કરવા તત્પર જ છે. તે પ્રેમનો નાશ કરવા શક્તિવાન નથી. પણ થોડોક વખત દુઃખની મલીનતાની છાપ પાડ્યા વગર રહેતો નથી.

૩૪૨ પાંખ વગરનું પક્ષી, પાણી વગરનું ઝાડ, અને દાંત વગરનો સર્પ જેમ નકામાં છે તેમ દરીદ્રી પુરૂષ નકામો ગણાય છે.

૩૪૩ ગરીબાઇ ન જાણાવ, કારણ ગરીબો ઉપર કુદરતનો કોપ છે.

૩૪૪ શ્રીમંતાઇમાંથી અચાનક ગરીબાઇમાં મનુષ્ય પટકાઇ પડે છે ત્યારે તેને મરણ કરતાં પણ વધારે દુઃખ લાગે છે.

૩૪૫ આ વિશ્વમાં વિલાસી જનોને કામક્રિડાથી અને સ્વર્ગમાં દેવતાઓને જે આનંદ, સુખ છે તે તૃષ્ણાના ક્ષયથી ઉપન્ન થતાં સુખ, આનંદ અને સ્મૃદ્ધિનાં સોમા ભાગને પણ પહોંચી શકતાં નથી.

૩૪૬ અસંતોષ કેવળ અકર્મણ્ય જ બનાવે છે એટલું જ નહી. પણ આપણા હ્રદયની શાંતિમાં પણ અડચણકર્તા છે.

૩૪૭ વ્યર્થ ચિંતામાં પોતાનો અમુલ્ય સમય ગુમાવવો નહી.

૩૪૮ ખરાબ સ્થિતિમાંથી સારી દશામાં મનુષ્ય કેવળ કર્મણ્યતાની સહાયથી જ આવી શકે છે.

૩૪૯ બીજી બાબતો કરતાં ખાસ કરીને દ્રવ્ય સંબંધીની અસંતુષ્ટતા મનુષ્યને લોભી અને વિવેકશૂન્ય બનાવે છે.

૩૫૦ અયાચકવૃત ગૌરવનું મૂલ્ય છે. તથા સુખ, કીર્તિ પ્રતાપ અને સૌભાગ [illegible]

જ તેનો પણ નાશ થાય છે. સમય કારણોને બદલાવી નાખે છે.

૩૬૧ અવીહડ શુદ્ધ પ્રેમનો આવીર્ભાવ પ્રભુતા પ્રાપ્ત કરાવવા સામર્થ્યવાન છે.

૩૬૨ કૃપણ મનુષ્ય ખરો ત્યાગી (દાતાર) છે. કારણ કે તે ધનને તજીને જાય છે. (મૃત્યુ પામે છે.) અને દાતાર પુરુષ જ કૃપણ છે. કારણ–મરવાને સમયે તે પાછળ મુકી જતો નથી.

૩૬૩ તત્વાર્થવિચારણા, સમાધીસુખ (સમભાવ), મનની એકાગ્રતા (શાંતિ) આ ત્રણ વસ્તુ જગતમાં સારભૂત છે એમ પંડિતો માને છે. ત્યારે મૂર્ખ કંચન અને કામીનીને સારભૂત માને છે.

૩૬૪ ભાગ્યદેવી પામર જીવોને તો બહુ છંછેડતી નથી. પરંતુ પુરુષાર્થીઓના પુરુષાર્થની કસોટી કરવામાં તેને કાંઈ અનેરી મોજ પડે છે. જેનામાં કાંઈક સત્વ છે તેને ઉપરાઉપરી આપત્તિઓ નાંખી આગળને આગળ ધકલ્યે જ જાય છે, ભઠીમાં નાંખી તાવે છે, અને તેમાં જો સંપૂર્ણ શુદ્ધતા જુવે છે તે પછી જ નીરાંતે જંપે છે.

૩૬૫ સંતોષરૂપી અમૃતથી તૃપ્ત થયેલ શાંત ચિત્તવાળા ધીર પુરુષને જે સુખ છે તે ધનમાં લુબ્ધ અને ધનને માટે દોડાદોડી કરનારાને પ્રાપ્ત થતું નથી.

૩૬૬ સુખ કાંઈ મોટી મોટી હવેલીઓમાં કે ધનમાં કે બા–

જ તેનો પણ નાશ થાય છે. સમય કારણોને બદલાવી નાખે છે.

૩૬૧ અવીહડ શુદ્ધ પ્રેમનો આવીર્ભાવ પ્રભુતા પ્રાપ્ત કરાવવા સામર્થ્યવાન છે.

૩૬૨ કૃપણ મનુષ્ય ખરો ત્યાગી (દાતાર) છે. કારણ કે તે ધનને તજીને જાય છે. (મૃત્યુ પામે છે.) અને દાતાર પુરુષ જ કૃપણ છે. કારણ–મરવાને સમયે તે પાછળ મુકી જતો નથી.

૩૬૩ તત્વાર્થવિચારણા, સમાધીસુખ (સમભાવ), મનની એકાગ્રતા (શાંતિ) આ ત્રણ વસ્તુ જગતમાં સારભૂત છે એમ પંડિતો માને છે. ત્યારે મૂર્ખ કંચન અને કામીનીને સારભૂત માને છે.

૩૬૪ ભાગ્યદેવી પામર જીવોને તો બહુ છંછેડતી નથી. પરંતુ પુરુષાર્થીઓના પુરુષાર્થની કસોટી કરવામાં તેને કાંઇ અનેરી મોજ પડે છે. જેનામાં કાંઇક સત્વ છે તેને ઉપરાઉપરી આપત્તિઓ નાંખી આગળને આગળ ધકલ્યે જ જાય છે, ભઠીમાં નાંખી તાવે છે, અને તેમાં જો સંપૂર્ણ શુદ્ધતા જુવે છે તે પછી જ નીરાંતે જંપે છે.

૩૬૫ સંતોષરૂપી અમૃતથી તૃપ્ત થયેલ શાંત ચિત્તવાળા ધીર પુરુષને જે સુખ છે તે ધનમાં લુબ્ધ અને ધનને માટે દોડાદોડી કરનારાને પ્રાપ્ત થતું નથી.

૩૬૬ સુખ કાંઇ મોટી મોટી હવેલીઓમાં કે ધનમાં કે બ

૩૮૩ હું જેમ જેમ આગળ વધતો જાઇશ તેમ તેમ મારા સંજોગો બદલાતા જાશે. એવી ભાવના રાખવી.

૩૮૪ પ્રત્યેક વિઘ્નો તથા દુઃખો વખતે દરેક મનુષ્યે પોતાનું સમગ્ર પ્રકારનું બળ અને અપ્રતિહત પ્રયત્નો કરવા જોઈએ.

૩૮૫ પોતાના ઉપર અઘટિત જુલમો તથા પ્રચંડ પ્રહારો થતા હોય ત્યારે નિર્બળ મનુષ્યના હ્રદયમાં પણ શૌર્યનો છોડ ઉગી નીકળે છે.

૩૮૬ પોતાનું ભાવી પોતેજ રચનાર મનુષ્યને યોગ્ય સમયે સહાયક તથા શક્તિ મળી આવે છે.

૩૮૭ જે પુરુષાર્થનો અનાદર કરી પ્રારબ્ધ ઉપરજ આધાર રાખે છે તે મહેલનાં શીખર ઉપર કોતરેલા સીંહનાં માથા ઉપર કાગડા બેસે છે તેના સરખો જાણવો.

૩૮૮ નિશાળ કે કોલેજમાં ગ્રેજ્યુએટ થવા માટે બે પાંચ વર્ષો મોટા મોટા ખર્ચ કરીને ખેંચી કાઢવા પડે છે ત્યારે આખી જીંદગીનાં મંડાણરૂપ ઉદ્યમ કે નોકરી માટે સફળ થવા પુરતી ભૂમિકામાં કોઈપણ ભોગ આપ્યા વગર આપણી કીંમત અંકાવી શકાશે નહીં.

૩૮૯ દુનીઆમાં નવું કાંઈપણ નથી. પરંતુ જુનામાં અનેક સુધારા કરીને નવું ઉપજાવવાનું છે. આપણે નવી વસ્તુઓ નહીં પણ નવા પરિણામો મેળવવા જોઈએ.

૩૯૦ નકામી વાતો કરી, ખોટી ડંફાસો મારી વખત ગુમાવવા

૩૭૫ બચાવેલાં નાણાં સારે ઠેકાણે અગર સધ્ધર બેંકમાં મુકવા રોકડ નાણું ઘરમાં સંઘરી રાખવું નહીં. તેથી વ્યાજનું નુકસાન થાય છે અને ચોર તથા લુંટારાનો ભય રહે છે.

૩૭૬ વિનય અને નમ્રતા એ એક એવો પોલિટિકલ પોઇન્ટ છે કે જે સઘળા ગુણો ઉપર અસર કરે છે.

૩૭૭ ગ્રાહકોને ચહાવામાં અને તેને જોઇતી વસ્તુઓ પૂરી પાડવામાં ખંત રાખવી તે વેપારીની કળા છે.

૩૭૮ કરકસર એ દોલતની દીકરી છે, મીતાહારી છે, અને સ્વતંત્રતાની માતા છે.

૩૭૯ દૃઢ પ્રતિજ્ઞાવાળા, પ્રમાણીક અને ઉદાત્ત ચારિત્રવાળા ધીર પુરુષની દ્રષ્ટિમાં સમગ્ર પૃથ્વી આંગણા જેટલી છે. સમુદ્ર ખાબોચીઆ જેટલો છે. પાતાળ, ભુમિના સ્વલ્પ ભાગ જેવડું છે. અને મેરૂપર્વત રાફડા જેવડો છે.

૩૮૦ આળસરૂપી ટંકશાળમાંથી મસ્તી, ખરાબી અને અનીતિ વિગેરેનાં સિક્કાઓ ઘણાજ હલકા બહાર પડે છે. અને તે મૂર્ખ લોકોમાં જલદી ફેલાઇ જાય છે.

૩૮૧ સાહસીક, ઉદાર પુરુષ મોટા લોકોના ભયને અને પોતાના પ્રાણને તણખલા સમાન ગણે છે.

૩૮૨ વિઘ્નો તથા દુઃખની હયાતીથી જ મનુષ્યને પુરુષાર્થ કરવામાં વિશેષ પ્રોત્સાહન મળે છે.

૩૭૫ બચાવેલાં નાણાં સારે ઠેકાણે અગર સધ્ધર બેંકમાં મુકવા રોકડ નાણું ઘરમાં સંઘરી રાખવું નહીં. તેથી વ્યાજનું નુકસાન થાય છે અને ચોર તથા લુંટારાનો ભય રહે છે.

૩૭૬ વિનય અને નમ્રતા એ એક એવો પોલિટિકલ પોઇન્ટ છે કે જે સઘળા ગુણો ઉપર અસર કરે છે.

૩૭૭ ગ્રાહકોને ચહાવામાં અને તેને જોઇતી વસ્તુઓ પૂરી પાડવામાં ખંત રાખવી તે વેપારીની કળા છે.

૩૭૮ કરકસર એ દોલતની દીકરી છે, મીતાહારી છે, અને સ્વતંત્રતાની માતા છે.

૩૭૯ દૃઢ પ્રતિજ્ઞાવાળા, પ્રમાણીક અને ઉદાત્ત ચારિત્રવાળા ધીર પુરુષની દ્રષ્ટિમાં સમગ્ર પૃથ્વી આંગણા જેટલી છે. સમુદ્ર ખાબોચીઆ જેટલો છે. પાતાળ, ભૂમિના સ્વલ્પ ભાગ જેવડું છે. અને મેરૂપર્વત રાફડા જેવડો છે.

૩૮૦ આળસરૂપી ટંકશાળમાંથી મસ્તી, ખરાબી અને અનીતિ વિગેરેનાં સિક્કાઓ ઘણાજ હલકા બહાર પડે છે. અને તે મૂર્ખ લોકોમાં જલદી ફેલાઇ જાય છે.

૩૮૧ સાહસીક, ઉદાર પુરુષ મોટા લોકોના ભયને અને પોતાના પ્રાણને તણખલા સમાન ગણે છે.

૩૮૨ વિઘ્નો તથા દુઃખની હયાતીથી જ મનુષ્યને પુરુષાર્થ કરવામાં વિશેષ પ્રોત્સાહન મળે છે.

૮૩ હું જેમ જેમ આગળ વધતો જાઇશ તેમ તેમ મારા સંજોગો બદલાતા જાશે. એવી ભાવના રાખવી.

૩૮૪ પ્રત્યેક વિઘ્નો તથા દુઃખો વખતે દરેક મનુષ્યે પોતાનું સમગ્ર પ્રકારનું બળ અને અપ્રતિહત પ્રયત્નો કરવા જોઈએ.

૩૮૫ પોતાના ઉપર અઘટિત જુલમો તથા પ્રચંડ પ્રહારો થતા હોય ત્યારે નિર્બળ મનુષ્યના હ્રુદયમાં પણ શૌર્યનો છોડ ઉગી નીકળે છે.

૩૮૬ પોતાનું ભાવી પોતેજ રચનાર મનુષ્યને યોગ્ય સમયે સહાયક તથા શક્તિ મળી આવે છે.

૩૮૭ જે પુરુષાર્થનો અનાદર કરી પ્રારબ્ધ ઉપરજ આધાર રાખે છે તે મહેલનાં શીખર ઉપર કોતરેલા સીંહનાં માથા ઉપર કાગડા બેસે છે તેના સરખો જાણવો.

૩૮૮ નિશાળ કે કોલેજમાં ગ્રેજ્યુએટ થવા માટે બે પાંચ વર્ષો મોટા મોટા ખર્ચ કરીને ખેંચી કાઢવા પડે છે ત્યારે આખી જીંદગીનાં મંડાણરૂપ ઉદ્યમ કે નોકરી માટે સફળ થવા પુરતી ભૂમિકામાં કોઈપણ ભોગ આપ્યા વગર આપણી કીંમત અંકાવી શકાશે નહીં.

૩૮૯ દુનીઆમાં નવું કાંઈપણ નથી. પરંતું જુનામાં અનેક સુધારા કરીને નવું ઉપજાવવાનું છે. આપણે નવી વસ્તુઓ નહીં પણ નવા પરિણામો મેળવવા જોઈએ.

નકામી વાતો કરી, ખોટી ડંફાસો મારી વખત ગુમાવવા ામની ગુંચ ઉકેલી કામ પાછળ મચ્યા રહો

[illegible]

[illegible]

૩૭૭ સાહસીકોને ગભરાવામાં અને તેને જોવાની નમ્રતાઓ પૂરી પાડવામાં ભાગ્ય લાગણી તે [illegible] છે.

૩૭૮ કરકસર એ દોલતની દીકરી છે, ગીનાકારી છે, અને શાન્તતાની માતા છે.

૩૭૯ દૃઢ પ્રતિજ્ઞાવાળા, પ્રમાણીક અને ઉદાત્ત ચારિત્રવાળા ધીર પુરુષની દ્રષ્ટિમાં સઘળી પૃથ્વી આંગણા જેટલી છે. સમુદ્ર ખાબોચીઆ જેટલો છે. પાતાળ, ભૂમિના સ્વલ્પ ભાગ જેવડું છે. અને મેરૂપર્વત રાફડા જેવડો છે.

૩૮૦ આળસરૂપી ટંકશાળમાંથી મસ્તી, ખરાબી અને અનીતિ વિગેરેનાં સિક્કાઓ ઘણાજ હલકા બહાર પડે છે. અને તે મૂર્ખ લોકોમાં જલદી ફેલાઇ જાય છે.

૩૮૧ સાહસીક, ઉદાર પુરુષ મોટા લોકોના ભયને અને પોતાના પ્રાણને તણખલા સમાન ગણે છે.

૩૮૨ વિઘ્નો તથા દુઃખની હયાતીથી જ મનુષ્યને પુરુષાર્થ કરવામાં વિશેષ પ્રોત્સાહન મળે છે.

૩૮૩ હું જેમ જેમ આગળ વધતો જાઇશ તેમ તેમ મારા સંજોગો બદલાતા જાશે. એવી ભાવના રાખવી.

૩૮૪ પ્રત્યેક વિઘ્નો તથા દુઃખો વખતે દરેક મનુષ્યે પોતાનું સમગ્ર પ્રકારનું બળ અને અપ્રતિહત પ્રયત્નો કરવા જોઈએ.

૩૮૫ પોતાના ઉપર અઘટિત જુલમો તથા પ્રચંડ પ્રહારો થતા હોય ત્યારે નિર્બળ મનુષ્યના હ્રુદયમાં પણ શૌર્યનો છોડ ઉગી નીકળે છે.

૩૮૬ પોતાનું ભાવી પોતેજ રચનાર મનુષ્યને યોગ્ય સમયે સહાયક તથા શક્તિ મળી આવે છે.

૩૮૭ જે પુરુષાર્થનો અનાદર કરી પ્રારબ્ધ ઉપરજ આધાર રાખે છે તે મહેલનાં શીખર ઉપર કોતરેલા સીંહનાં માથા ઉપર કાગડા બેસે છે તેના સરખો જાણવો.

૩૮૮ નિશાળ કે કોલેજમાં ગ્રેજ્યુએટ થવા માટે બે પાંચ વર્ષો મોટા મોટા ખર્ચ કરીને ખેંચી કાઢવા પડે છે ત્યારે આખી જીંદગીનાં મંડાણરૂપ ઉદ્યમ કે નોકરી માટે સફળ થવા પુરતી ભૂમિકામાં કોઈપણ ભોગ આપ્યા વગર આપણી કીંમત અંકાવી શકાશે નહીં.

૩૮૯ દુનીઆમાં નવું કાંઈપણ નથી. પરંતુ જુનામાં અનેક સુધારા કરીને નવું ઉપજાવવાનું છે. આપણે નવી વસ્તુઓ નહીં પણ નવા પરિણામો મેળવવા જોઈએ.

નકામી વાતો કરી, ખોટી ડંફાસો મારી વખત ગુમાવવા [illegible] કામની ગુંચ ઉકેલી કામ પાછળ મચ્યા રહો.

૩૭૫ બચાવેલાં નાણાં સારે ઠેકાણે અગર સધર બેંકમાં મુકવા રોકડ નાણું ઘરમાં સંઘરી રાખવું નહીં. તેથી વ્યાજનું નુકસાન થાય છે અને ચોર તથા લુંટારાનો ભય રહે છે.

૩૭૬ વિનય અને નમ્રતા એ એક એવો પોલિટિકલ પોઇન્ટ છે કે જે સઘળા ગુણો ઉપર અસર કરે છે.

૩૭૭ ગ્રાહકોને ચહાવામાં અને તેને જોઇતી વસ્તુઓ પૂરી પાડવામાં ખંત રાખવી તે વેપારીની કળા છે.

૩૭૮ કરકસર એ દોલતની દીકરી છે, મીતાહારી છે, અને સ્વતંત્રતાની માતા છે.

૩૭૯ દ્દઢ પ્રતિજ્ઞાવાળા, પ્રમાણીક અને ઉદાત્ત ચારિત્રવાળા ધીર પુરુષની દ્રષ્ટિમાં સમગ્ર પૃથ્વી આંગણા જેટલી છે. સમુદ્ર ખાબોચીઆ જેટલો છે. પાતાળ, ભૂમિના સ્વલ્પ ભાગ જેવડું છે. અને મેરૂપર્વત રાફડા જેવડો છે.

૩૮૦ આળસરૂપી ટંકશાળમાંથી મસ્તી, ખરાબી અને અનીતિ વિગેરેનાં સિક્કાઓ ઘણાજ હલકા બહાર પડે છે. અને તે મૂર્ખ લોકોમાં જલદી ફેલાઇ જાય છે.

૩૮૧ સાહસીક, ઉદાર પુરુષ મોટા લોકોના ભયને અને પોતાના પ્રાણને તણખલા સમાન ગણે છે.

૩૮૨ વિઘ્નો તથા દુઃખની હયાતીથી જ મનુષ્યને પુરુષાર્થ કરવામાં વિશેષ પ્રોત્સાહન મળે છે.

૩૮૩ હું જેમ જેમ આગળ વધતો જાઇશ તેમ તેમ મારા સંજોગો બદલાતા જાશે. એવી ભાવના રાખવી.

૩૮૪ પ્રત્યેક વિઘ્નો તથા દુઃખો વખતે દરેક મનુષ્યે પોતાનું સમગ્ર પ્રકારનું બળ અને અપ્રતિહત પ્રયત્નો કરવા જોઈએ.

૩૮૫ પોતાના ઉપર અઘટિત જુલમો તથા પ્રચંડ પ્રહારો થતા હોય ત્યારે નિર્બળ મનુષ્યના હ્રદયમાં પણ શૌર્યનો છોડ ઉગી નીકળે છે.

૩૮૬ પોતાનું ભાવી પોતેજ રચનાર મનુષ્યને યોગ્ય સમયે સહાયક તથા શક્તિ મળી આવે છે.

૩૮૭ જે પુરુષાર્થનો અનાદર કરી પ્રારબ્ધ ઉપરજ આધાર રાખે છે તે મહેલનાં શીખર ઉપર કોતરેલા સીંહનાં માથા ઉપર કાગડા બેસે છે તેના સરખો જાણવો.

૩૮૮ નિશાળ કે કોલેજમાં ગ્રેજ્યુએટ થવા માટે બે પાંચ વર્ષો મોટા મોટા ખર્ચ કરીને ખેંચી કાઢવા પડે છે ત્યારે આખી જીંદગીનાં મંડાણરૂપ ઉદ્યમ કે નોકરી માટે સફળ થવા પુરતી ભૂમિકામાં કોઈપણ ભોગ આપ્યા વગર આપણી કીંમત અંકાવી શકાશે નહીં.

૩૮૯ દુનીઆમાં નવું કાંઈપણ નથી. પરંતું જુનામાં અનેક સુધારા કરીને નવું ઉપજાવવાનું છે. આપણે નવી વસ્તુઓ નહીં પણ નવા પરિણામો મેળવવા જોઈએ.

નકામી વાતો કરી, ખોટી ડંફાસો મારી વખત ગુમાવવો
કામની ગુંચ ઉકેલી કામ પાછળ મચ્યા રહો.

૩૭૫ ખરાબીમાં નાણાં ખાટે ઉધારનું આગળ આગળ બેંકમાં
રાખવા એકઠ નાણું ઘરમાં સંઘરી રાખવું નહીં. તેથી
વ્યાજનું નુકસાન થાય છે અને ચોર તથા ધુતારાનો
ભય રહે છે.

૩૭૬ વિનય અને નમ્રતા એ એક એવો પ્રતિષ્ઠિત પાસપોર્ટ
છે કે જે સઘળા ગુણો ઉપર અસર કરે છે.

૩૭૭ ગ્રાહકોને ગમતાવામાં અને તેને જોઇતી વસ્તુઓ પૂરી
પાડવામાં ખંત રાખવી તે વેપારીની કળા છે.

૩૭૮ કરકસર એ દોલતની દીકરી છે, ચીતાકારી છે, અને
સ્વતંત્રતાની માતા છે.

૩૭૯ દૃઢ પ્રતિજ્ઞાવાળા, પ્રમાણીક અને ઉદાત્ત ચારિત્રવાળા
ધીર પુરુષની દ્રષ્ટિમાં સમગ્ર પૃથ્વી આંગણા જેટલી
છે. સમુદ્ર ખાબોચીઆ જેટલો છે. પાતાળ, ભૂમિના
સ્વલ્પ ભાગ જેવડું છે. અને મેરૂપર્વત રાફડા જેવડો છે.

૩૮૦ આળસરૂપી ટંકશાળમાંથી મસ્તી, ખરાબી અને અનીતિ
વિગેરેનાં સિક્કાઓ ઘણાજ હલકા બહાર પડે છે. અને
તે મૂર્ખ લોકોમાં જલદી ફેલાઇ જાય છે.

૩૮૧ સાહસીક, ઉદાર પુરુષ મોટા લોકોના ભયને અને
પોતાના પ્રાણને તણખલા સમાન ગણે છે.

૩૮૨ વિઘ્નો તથા દુઃખની હયાતીથી જ મનુષ્યને પુરુષાર્થ
કરવામાં વિશેષ પ્રોત્સાહન મળે છે.

૩૮૩ હું જેમ જેમ આગળ વધતો જાઇશ તેમ તેમ મારા સંજોગો બદલાતા જાશે. એવી ભાવના રાખવી.

૩૮૪ પ્રત્યેક વિઘ્નો તથા દુઃખો વખતે દરેક મનુષ્યે પોતાનું સમગ્ર પ્રકારનું બળ અને અપ્રતિહત પ્રયત્નો કરવા જોઈએ.

૩૮૫ પોતાના ઉપર અઘટિત જુલમો તથા પ્રચંડ પ્રહારો થતા હોય ત્યારે નિર્બળ મનુષ્યના હૃદયમાં પણ શૌર્યનો છોડ ઉગી નીકળે છે.

૩૮૬ પોતાનું ભાવી પોતેજ રચનાર મનુષ્યને યોગ્ય સમયે સહાયક તથા શક્તિ મળી આવે છે.

૩૮૭ જે પુરુષાર્થનો અનાદર કરી પ્રારબ્ધ ઉપરજ આધાર રાખે છે તે મહેલનાં શીખર ઉપર કોતરેલા સીંહનાં માથા ઉપર કાગડા બેસે છે તેના સરખો જાણવો.

૩૮૮ નિશાળ કે કોલેજમાં ગ્રેજ્યુએટ થવા માટે બે પાંચ વર્ષો મોટા મોટા ખર્ચ કરીને ખેંચી કાઢવા પડે છે ત્યારે આખી જીંદગીનાં મંડાણરૂપ ઉદ્યમ કે નોકરી માટે સફળ થવા પુરતી ભૂમિકામાં કોઈપણ ભોગ આપ્યા વગર આપણી કીંમત અંકાવી શકાશે નહીં.

૩૮૯ દુનીઆમાં નવું કાંઇપણ નથી. પરંતું જુનામાં અનેક સુધારા કરીને નવું ઉપજાવવાનું છે. આપણે નવી વસ્તુઓ નહીં પણ નવા પરિણામો મેળવવા જોઈએ.

નકામી વાતો કરી, ખોટી ડંફાસો મારી વખત ગુમાવવાં કામની ગુંચ ઉકેલી કામ પાછળ મચ્યા રહો.

૩૯૧ લક્ષ્મીથી આત્માની પ્રભુતા પ્રગટ કરી શકાતી નથી. કારણ લક્ષ્મી જડ છે. આત્મબળ આગળ તેની ધૂળ જેટલી પણ મહત્તા નથી.

૩૯૨ શરીર અને ઇંદ્રિયોના મીથ્યા ભોગમાં મુંઝાઈને જીવવું તે પશુજીવન છે. દુનીઆના લોકોને રીઝવવા કરતાં આત્માને રીઝવો. આત્માની રીઝમાં દુનીઆની ખીજને અમૃત જેવી ગણો.

૩૯૩ કાળ, સ્વભાવ અને પૂર્વકર્મ એ ત્રણ કારણો પાયો નાંખનાર તરીકે સાધન છે. જ્યારે પુરુષાર્થ ચણતર ચણવારૂપ મૂખ્ય કાર્ય બજાવે છે. અને નિયતિ પ્રતિબંધક ભાવ તરીકે તટસ્થ સંરક્ષક સાધન છે.

૩૯૪ પોતાના સામર્થ્ય વગર બીજા ઉપર વિશ્વાસ રાખી કામ કરનાર ગફલત ખાય છે.

૩૯૫ મનને નિર્બળ, નિરૂત્સાહી બનાવો નહીં.

૩૯૬ કદાચ દુર્ગુણી મનુષ્યને સુખી થતો જોઇ. દુર્ગુણ હાનીકારક નથી તેમ માની લેશો નહીં. તેના ઉપર પ્રકાશ પડ્યા વગર રહેવાનો નથી.

૩૯૭ તમારા સદ્વર્તન અને સદ્ચારિત્રની શાખમાં ઉત્તમ આંટ રાખો. વ્યવહાર ચોક્ખો અને નિયમિત રાખો. ધંધામાં સારી સાખ ઉંચે ચઢવામાં મદદ કરે છે. તે ધ્યાનમાં રાખો.

૩૯૮ આપણા કરતાં વધારે ગુણવાનો ઉપર શ્રધા, ભક્તિ રાખી તેના સમાગમમાં વારંવાર આવવું.

જીવનક્રમનો આધાર પ્રાયેનીતિ ઉપર છે. નીતિ
વીનાનું જીવન પ્રાણ વીનાના શરીર જેવું જાણવું.

૦ આત્માને-જીવને જે ગતિમાં જવાનું હોય છે તેના
ચિન્હરૂપે મરણ પહેલાં એક અંતમુહૂર્ત વહેલી શુભ
અથવા અશુભ લેશ્યા ઘણે ભાગે ઉત્પન્ન થાય છે.

૦૧ અણુબંધ ભાવથી ઘરમાં વસતા શ્રાવકના ભાવરોગો પણ
ચાલ્યા જાય છે અને સર્વત્યાગી સાધુઓએ સંયમ
લીધા છતાં પણ લાલચુપણું થયું હોય તો તેના
ભાવરોગો પણ ઉલટા વિકારપણું પામે છે.

૪૦૨ જે ક્રિયાઓ કેવળ નિશ્ચય વિશે જ તન્મય થયેલા
સાધુઓને અતિ પ્રયોજનવાળી નથી. તેજ ક્રિયાઓ
વ્યવહાર દશામાં રહેલા પ્રાણીઓને અત્યંત ગુણકારક છે.

૪૦૩ તારે પોતાને ખાવા માટે થોડાક ખોરાક તથા સુવા
માટે સાડા ત્રણ હાથ જમીન જોઇએ છે. પાણીની
તો કુદરતે વીપુલતા કરેલી છે. તો મોટાં મોટાં કાર-
ખાનાંઓ કાઢી, વેપારોની ધમાલો માંડી, લપન-છપન
કરી, કાળા ધોળા કરી શા માટે કર્મબંધ કરે છે?
કોના માટે કરે છે? કારણ તેનાં ફળ ભોગવતી વખતે
કોઇ ભાગીદાર થશે નહીં. અને તારી પાસે પણ ઉભા
નહીં રહે.

૪૦૪ હે જીવ! તને ખાવા પીવામાં આનંદ આવે છે
નાટક-સિનેમા જોવામાં મઝા પડે છે. નાચપાર્ટિ
લહેર આવે છે. સ્ત્રીઓની આંખમાં વૈ

વિકાસ દેખાય છે. વેપારની અને સોનાની તોલડીની વાતોમાં મઝા પડે છે. કેટલાંક રમવામાં, કારસ્થાન કરવામાં, અન્યને છેતરવામાં એકતાન થઈ જાય છે. પરંતુ પ્રભુસ્મરણમાં ચિત્તને જરાપણ ચોંટાડતો નથી. અને પીડા કે રોગ થાય છે ત્યારે પોક મુકીને રડવા બેસે છે. તો તને અમારે અક્કલવાન ગણવો કે મૂર્ખનો શિરોમણી !

૪૦૫ હે જીવ ! આ સંસાર ચક્રમાં તેં કઇ કઇ પીડાઓ સહન નથી કરી ! અનેકવાર છેદાયો, ભેદાયો છો અને મૂળા તથા મોગરીમાં હતો તે વખતે તો ટકાના ત્રણ શેરમાં ઉપર ખેંચાણો જતો હતો. અત્યારે પુણ્ય-યોગે જરાક ગણત્રીમાં આવેલ છો. માટે સમજ અને સાચે માર્ગે લાગ.

૪૦૬ તાંબુલ, તલ, તળાઇ, તરૂણી, તાપ (અગ્નિ) અને તાતા ભોજનો (ગરમાગરમ સ્વાદિષ્ટ રસોઇ) આ છ વસ્તુઓ ભાગ્યશાળી સજ્જનો હેમંત રૂતુમાં હોંશથી સેવે છે.

૪૦૭ તદ્દન સામાન્ય વસ્તુઓનો પણ જો ઉપયોગ કરતાં આવડે તો નુકસાનીમાંથી લાભની પ્રાપ્તિ થઇ જાય છે.

૪૦૮ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ આ ચાર કર્મબંધ-નમાં હેતુઓ કારણો છે.

૪૦૯ ઉપરનાં ચારે કર્મ પરમાણુઓ સ્કંધરૂપ થઇ તેલ ચોળેલા શરીરપર જેમ રજ ચોંટે છે તેમ તે આત્મા સાથે

કોઈ કરાય છે. ત્યારબાદ તેની ચાર બાબત નીચે
મુજબ મુકરર થાય છે:—

૧. પ્રકૃતિ-એટલે એનો સ્વભાવ અને કાર્ય શું ? વિગેરે
૨. સ્થિતિ-એટલે તે કેટલા વખત માટે છે તે
૩. રસ-એટલે એનામાં તાકાત કેટલી છે.
૪. પ્રદેશ-એટલે તે કર્મો કેટલા પ્રદેશોનાં બનેલા છે
ત્યારબાદ તે કર્મો પોતાના ટાઈમે ફળ આપે

૪૧૦ ખળ, દુર્જન, હલકા સ્વભાવનાં માણસોને તથા
લસણની ઉપમાં બરાબર લાગુ પડે છે.
જેમ લસણને સુગંધી પદાર્થો ભેગું રાખ્યું હોય તો
પોતાની દુર્ગંધ જેમ છોડતું નથી તેમ દુર્જન
પણ પોતાનો સ્વભાવ કદાપી પણ છોડતા નથી

૪૧૧ મુંબઈના મારવાડી તથા પંજાબના શીખો કર
કર્મવિપાક શાહ અતિ વિષમ, આકરો લેણદ

૪૧૨ કર્મરાજા પોતાનું લેણું વસુલ કરવામાં
વ્યાજ ગણીને એક પૈસાની પણ છુટ ન મુક
તેવા સામર્થ્યવાન છે.

૪૧૩ લેણું વસુલ કરવામાં કર્મરાજાના હૃદયમાં
[illegible] અંશ દેખાયો નહીં. તેમ કોઈની

દેહનું અને જ પડી રહે છે. એવી જ રીતે હું પણ આખા જન્મમાં લાગેલાં પાપના અનેક કુકર્મોને રડતો અને સાહ્યો છું. અને સર્વેને રડાવીને જઈશ. સંસારની ઘરેખર જ આવી છે. માટે જેમ ગમે તેમ જલદી ચેત.

૪૨૦ આ દુનીઆમાં આત્મહિતૈષુ મનુષ્યને ફક્ત બે વસ્તુ પ્રાપ્ત કરવાની છે એક ઉપશમ સુખ અને બીજી અંતઃકરણની સમાધી. એ બન્નેમાં કાર્ય કારણનો ભાવ પણ રહેલો છે. ઉપશમ સુખથી અંતઃકરણની સમાધી પ્રાપ્ત થાય છે.

૪૨૧ આ જીવને ઉત્કૃષ્ટ કરીને જે શુદ્ધિ થાય તે જ તેના ક્રિયા, તપ અને વિજ્ઞાન છે.

૪૨૨ આત્મા અમુક હેતુથી શુદ્ધ થાય અને બીજા હેતુથી ન થાય તેનું નામ કદાગ્રહ.

૪૨૩ આત્માના પરિણામની ચંચળતા તે જ ભય—અને પરમાત્માના ગુણ ઉપર જે અરૂચિભાવ તે જ દ્વેષ—અને પ્રભુના ગુણો પ્રાપ્ત કરવા માટે જે પ્રવૃત્તિ—ક્રિયાઓ કરવી તેમાં જે થાક લાગે તે જ ખેદ જાણવો.

૪૨૪ શરીરનું અપવિત્રપણું જાણી—વિચારીને ગભરાઈ ન જતાં શરીરના ધર્મ સમજાઈ જાય અને સાચે રસ્તે ચલાય તેનું નામ વિકાસક્રમ.

૪૨૫ વર્તન પહેલાં જો વિવેક આવી જાય તો વર્તનમાં ઘણોજ આનંદ આવે છે

૪૩૩ ધર્મી પુરુષોનાં શરીરો કલ્પવૃક્ષ અને ચિંતામણી રત્ન સમાન સમજવાં. અધર્મીઓ તેનો દુરૂપયોગ કરી અમૂલ્ય મનુષ્યજન્મ હારી જાય છે.

૪૩૪ તું તપાસી જો તારૂં શરીર, તારા માતા, પિતા, પુત્ર, સ્ત્રી, સંબંધીઓ, મિત્રો, તેં એકઠી કરેલી પૈસાની રકમો, તારી તીજોરીમાં પડેલા અલંકારો–કે તારા પરિવારમાંથી તું મોટે ગામાંતરે–મહા યાત્રાએ નીકળીશ. (અન્ય ગતિમાં જઇશ) ત્યાં તે બધામાંથી તારી સાથે કોણ કોણ આવે તેવું છે! અથવા તે વખતે તને કોણ સહાય કરે તેવું છે! તેનો બરાબર ખ્યાલ કરી લે. કે તને દુર્ગતિમાં પડતાં કોણ બચાવે તેવું લાગે છે?

૪૩૫ નારકીનાં જીવોનાં વર્ણન વાંચતા તો કાળજાં ફુટી જાય છે. ત્યાંની ઠંડી અને ગરમી એવી અસહ્ય છે કે અત્રેનાં સહરાનાં રણુનો તાપ તથા હીમાલયની ઠંડી તો તેની પાસે કાંઇપણ ગણતરીમાં જ નથી અર્થાત્ તેથી પણ અનંતગણી ગરમી તથા ઠંડી નારકીમાં સહન કરવાની છે.

૪૩૬ વિધિ, નસીબ, મનુષ્યોનાં પ્રયત્નોની તથા તેની આશા, અભિલાષાઓની પરવા કર્યા વગર એવી સીફતથી કાર્ય કરે છે કે તેની કોઇને જરાપણ ખબર પડતી નથી.

૪૩૭ જીભે કદાચ ન બોલાય પરંતુ મનુષ્યોની આંખો જીભ કરતાં વિશેષ ભાવ અને અર્થનું વહન કરી શકે છે.


૪૩૮ [illegible]

૪૩૯ સ્ત્રીઓનું સૌંદર્ય [illegible]

૪૪૦ વસ્તુમાં સૌંદર્ય હોય છતાં પણ જોનારમાં તે જોવાની દ્રષ્ટિ ન હોય તો તેને સૌંદર્ય દેખાતું નથી.

૪૪૧ બીજાનું બુરૂ ચિંતવનાર કે કરનાર કદાપી સુખી થતો નથી કદાચ થાય છે તો તે સુખ લાંબો વખત ટકતું નથી કરેલા કુકર્મોનો બદલો મોડો કે વહેલો મળ્યા વગર રહેતો નથી.

૪૪૨ વાસનાઓ અતિ પ્રબળ છે. તે વિદ્વાનોને પણ આકર્ષે છે કોઈને છોડતી નથી. વાસનાઓ ઉપર વિજય મેળવવો અતિ કઠીન છે. ખાસ કરીને વાસનાઓની તૃપ્તિ થયા વગર પ્રાયે તેનાં ઉપર વિજય મેળવવો અશકય નહીં પણ અત્યંત દુર્ઘટ તો છેજ.



" વિષમ છે વાટ શિવપુરની. "



(કવ્વાલી)

નાદિ કાળની ટેવો, ટળે નહીં જ્યાંસુધી સઘળી;
ળે નહીં ત્યાંસુધી મુક્તિ, વિષમ છે વાટ શિવપુરની. ૧
ષાયો ચાર લુંટારા, પ્રમાદી પથીક જન લુંટે;
ટાઇને વળે પાછા, વિષમ છે વાટ શિવપુરની. ૨
રિતા ઉંડી તૃષ્ણાની, પડી છે વાટમાં આડી;
ળતાં પ્રાણીઓ પુષ્કળ, વિષમ છે વાટ શિવપુરની. ૩
ાગ ને દ્વેષના ડુંગર, ગગનચુંબી શિખરવાળા;
ોળંગીને જવું મુશ્કેલ, વિષમ છે વાટ શિવપુરરની. ૪
વેદનો તીવ્ર દવ[2] વહ્નિ, બળે છે વાટમાં સઘળે;
ળ્યા છે પ્રાણીઓ તેથી, વિષમ છે વાટ શિવપુરની. ૫
વલાસોની ઘટાવાળી, વિષય વિષવૃક્ષની ઝાડી;
મુંઝાવીને હરે શુદ્ધિ, વિષમ છે વાટ શિવપુરની. ૬
હર્ષ ને શોક ધુતારા, બતાવીને ક્ષણીક વસ્તુ;
ગી લે જ્ઞાન દર્શનને, વિષમ છે વાટ શિવપુરની. ૭
અહંતાને વળી મમતા, તણું જ્યાં ઘોર અંધારૂં;
ભુલે છે પ્રાણીઓ રસ્તો, વિષમ છે વાટ શિવપુરની. ૮
ભયંકર વાટમાં દર્શન[3]-મોહનો કેસરી બેઠો,
જવા દેતો નથી કોઇને, વિષમ છે વાટ શિવપુરની. ૯
હાસ્ય ને ભય તણા કાંટા, વેરાયા છે ઉભે રસ્તે;
નથી જગ્યા જરા ખાલી, વિષમ છે વાટ શિવપુરની. ૧૦
તજીને વાટ શિવપુરની, વિષય વાટે વળ્યાં પ્રાણી;
સુગમ સિધિ સરળ જાણી, વિષમ છે વાટ શિવપુરની. ૧૧

સંગ્રાહક,-મોતીલાલ

---

૧. ત્રણ વેદ-પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ. ૨. દાવાનળ.
દર્શન મોહની કર્મ.

[illegible]

મોતીલાલ.

શ્રીશંકરકૃત સંસ્કૃત છંદ.

बद्धो हि को यो विषयानुरागी,
को वा विमुक्तो विषये विरक्तः;
को वाऽस्ति घोरो नरकः स्वदेहः,
तृष्णाक्षयः स्वर्गपदं किमस्ति. १

અર્થ—બંધ કોણ પાડે છે ! વિષયનો અનુરાગ. બંધ-નથી કોને ! વિષયથી વિરક્તપણાને. ઘોર નરક જેવું શું છે ! શરીર (સ્વદેહ). સ્વર્ગ (મોક્ષપદ) શું છે ! તૃષ્ણાના ક્ષયથી.